Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्त्रग्धरावृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेंद्रियाश्वान् जवात्
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द' मादिशदसौ जीयाज्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ मार्गशिर्ष आत्म सं. २६ | अंक ५ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
| --- | --- | --- | --- |
| ૧ શ્રી વીર સ્તુતિ ... ... ... | ૧૧૫ | ૯ શું ખરું સુખ શાન્તિમાં છે ? ... | ૧૨૮ |
| ૨ જિન સ્તુતિ... ... ... ... | ૧૧૬ | ૧૦ ચુંટી કાઢેલા સાર હિત વચનો... | ૧૨૯ |
| ૩ સાયંકાલે જિન દર્શનમ્ .. ... | ૧૧૬ | ૧૧ રાષ્ટ્રિય શાળાના અભ્યાસક્રમની રૂપરેખા. ... ... | [illegible] |
| ૪ ધર્મસાધન કરવામાં ઢીલ કરવી જોઇએ નહિ. ... ... | ૧૧૭ | ૧૨ પ્રભુ પ્રાર્થના ... | ૧૩૩ |
| ૫ સદ્વિદ્યા ... ... ... ... | ૧૧૭ | ૧૩ નીતિ વચનો ... | ૧૩૩ |
| ૬ વિતરાગ કથિત પવિત્ર ધર્મ સેવન તું જલ્દી કરી લે. ... ... | ૧૧૮ | ૧૪ જૈનો અને સ્વદેશી વસ્ત્રો | ૧૩૪ |
| ૭ ઉત્તમ શીલ... ... ... ... | ૧૧૯ | ૧૫ આત્મ જાગૃતિ ... ... | ૧૩૫ |
| ૮ જૈનદષ્ટિએ શિક્ષણનું સ્વરૂપ ... | ૧૨૪ | ૧૬ ઉપમિતિ અંતર્ગત ... ... | ૧૩૬ |
| | | ૧૭ વર્તમાન સમાચાર ... ... | ૧૩૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા સુજ્ઞ ગ્રાહકોને નમ્ર સુચના.

શ્રી આત્માનંદ પ્રકાશ માસિક અમારા કદરદાન ગ્રાહકોને નિયમિત મળે અને મોકલવાની વ્યવસ્થા સરલ થાય તે માટે દરેક ગ્રાહકોનો નંબર રજીષ્ટર (ચોકસ) કરવાનો છે, જેથી વિનંતિ કે કોઇપણ બંધુને ગ્રાહક તરીકે ન રહેવું હોય તો તેમણે પંદર દિવસની અંદર અમોને તે પ્રમાણે પત્રદ્વારા જણાવવું, જેથી તેમનું નામ કમી કરવામાં આવશે. બાર માસ સુધી માસિક સ્વીકારવા અને ભેટની બુક લવાજમ માટે વી૦ પી૦ થી મોકલવામાં આવે ત્યારે તે પાછી વાળી જ્ઞાનખાતાને નુકશાન થવા દેવું તે યોગ્ય નથી; જેથી ગ્રાહક ન રહેવું હોય તો હાલ તુરત અમોને લખી જણાવવું.

કાગળ તથા છપાઇની સખ્ત મોંઘવારી છતાં લવાજમ ન વધારતાં, વીશ પચીશ ફારમ જેટલો મોટો ગ્રંથ ભેટ આપવામાં જે આવે છે, તે માત્ર નામના લવાજમના હિસાબમાં કંઇ નથી અને લાભ વધારે છે જેથી વિશાળ વાંચન સાથે બાર માસના બાર અંકો અને ભેટનો આટલો મોટો ગ્રંથ તે આર્થિક દષ્ટિએ પણ લાભ લેવા જેવું અને વધારામાં જ્ઞાનખાતાને ઉત્તેજન આપવા જેવું છે.

---

## મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

૨ જે જે મુનિ મહારાજા આ માસિક અમુક અમુક શ્રાવક મારફત લવાજમથી મંગાવે છે, તે તે મુનિ મહારાજા વિહાર કરી એક સ્થળેથી બીજે સ્થળે વિચરતા માસિક તે તે સ્થળે મોકલવા અમોને પત્રદ્વારા નહી જણાવતાં હોવાથી, પ્રથમના સ્થળે માસિક મોકલતાં તે પાછાં આવે છે તેમજ ગેરવલ્લે પડે છે અને બીજે સ્થળેથી મંગાવતાં ફરી મોકલવા પડે છે અથવા સીલીક ન હોવાથી અમો મોકલી શકતાં નથી, જેથી તેઓએ કૃપા કરી વારંવાર જે સ્થળે તેઓ બીરાજતા હોય, ત્યાં મોકલવા માટે પત્રદ્વારા અમોને જણાવવા કૃપા કરવી, નહીં તો તે સિવાય ગેરવલ્લે જતાં હોવાથી કે નહીં પહોંચતાં હોવાથી હવે અમો મોકલી શકીશું નહીં જેથી અમોને પ્રથમ ખબર આપવા કૃપા કરશે.

૨ જે જે મુનિ મહારાજાઓને ભેટ જાય છે—તેઓશ્રીએ પણ ઉપરની હકીકત ધ્યાનમાં લઇ અમોને લખી જણાવવા કૃપા કરવી. તે સિવાય ઉપર મુજબ નહીં પહોંચતા હોવાથી ફરી મોકલી શકીશું નહીં

---

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટના પુસ્તકો આઠ દિવસ પછી રવાના કરવામાં આવશે, દરમ્યાન જણાવવાનું કે જેમને આ વર્ષના મોકલવાના છે તેમણે ચાર આનાના પોસ્ટની અને જેમને બે વર્ષના મોકલવાના છે તેમણે આઠ આનાની પોસ્ટની ટીકીટ મોકલવી. પોસ્ટેજ પુરતું વી. પી. કરતાં વી. પી. નો ચાર્જ વધેલો હોવાથી ખર્ચ વધારે આવે છે જેથી ઉપર પ્રમાણે ટીકીટો મોકલવી જેથી બુક પોસ્ટથી મોકલવામાં આવશે.

| ગયા વર્ષના. | આ વર્ષના. |
|---|---|
| ૧ દેવભક્તિમાળા પ્રકરણ | ૧ ઉપદેશ સિત્તરી ગ્રંથ |
| ૨ કામઘટકથા પ્રબંધ કથા | ૨ ચૌદ રાજલોકની પૂજા |

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिष्वात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः।

पुस्तक १९ ] वीर संवत् २४४८ मार्गशिर्ष. आत्म संवत् २६. [ अंक ५ मो.

## श्री वीर स्तुति.

### હરિગીત.

દઢ કર્મના જે છેદનારા ને વિશ્વના ઉપકારી જે,<br>
જેનું ધરીને ધ્યાન સૌ સંસારી પામે સિદ્ધિને;<br>
જેને સુરાસુરો નમે છે જે નાવરૂપ ભવાબ્ધિમાં,<br>
તેવા પ્રભુ શ્રી વીરને વંદન કરૂં આરંભમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## *जिन स्तुति.

जय जिनराज ! जय जिनराज !!
जय जनतारक ! भव भयवारक !
पाप निवारक ! नाथ निरञ्जन ! ॥ जय० ॥
आप्ततमो भवसि जगति, सर्व सुधारक श्रेष्ठ तमोऽसि;
प्राप्तोऽसि त्वं परमं स्थानम्, येनाऽऽदर्शीकृतोऽसि मयात्वम् ॥ जय० ॥
तव चरणं शरणंयामि, नाथ ! सदा तव नाम स्मरामि;
विदधामि त्वदनुकरणं, येन दधामि सद्भवगमनम् ॥ जय० ॥

## सायंकाले जिन दर्शनम्।

दृश्यतां रे ! दृश्यतां सायंतनी सन्ध्या--( २ )
रक्तनीलपीतराग--रञ्जितं नभः
अस्तमेति सूर्य एषः, चन्द्रमा विलोक्यते ॥ दृ० ॥ १ ॥
तरल तारका इमे वियत्सरोवरे
सरसिजानि ते किमु ? सखे! निभ्रालय ॥ दृ० ॥ २ ॥
आराम पुष्पचुम्बिन आमोदि मारुताः
कासारसार वाहिनो विवान्ति शीतलाः ॥ दृ० ॥ ३ ॥
धत्ते पदं शनैस्तमाः प्रयान्ति गाव आलयम्
कुजन्ति पक्षिणो वने, पतन्ति स्वं नीडम् ॥ दृ० ॥ ४ ॥
आगम्यतां वयस्य हे ! व्रजामो जिन मन्दिरम्
प्रणम्य जिननायकं प्रयामो निज मन्दिरम् ॥ दृ० ॥ ५ ॥

ચાણસ્મા. } પ્રભુદાસ બેચરદાસ પારેખ.

---

* આપ જગતમાં પરમ પ્રમાણિક છો, સર્વ સુધારકોમાં શિરોમણિ છો અને આપ પરમ પદને પામેલા છો તેથીજ મેં આપને આદર્શરૂપ કરેલા છે.

પ્રભુપદ પદ્મનું શરણુ ગ્રહું છું, નાથ ! સદા તુમ નામ સ્મરૂં છું;
વળી હિતાનુકરણ કરૂં છું, જેથી દુર્ભવ દૂર ગમું છું.
( અને સદ્ભાવને પ્રાપ્ત કરૂં છું. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્મ સાધન કરવામાં ઢીલ કરવી જોઈએ નહિ.

( લેખક–સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પુરવિજયજી મહારાજ )

ધર્મનાજ પ્રભાવથી સુખ સંપદા, માન પ્રતિષ્ઠા અને સ્વામીત્વાદિ પ્રાપ્ત થયાં છતાં એજ ધર્મનો જે લોપ કરે છે તે પાપી એવા સ્વામીદ્રોહીનું શ્રેય શી રીતે થઇ શકશે ? ધર્મદ્રોહી મહાપાપી છે, તેથી તેનું શ્રેય–કલ્યાણ થઇ નજ શકે એ ચોક્કસ સમજી રાખવું. પવિત્ર ભાવ સહિત નિઃસ્વાર્થપણે તુચ્છ એવા વિષય સુખની સ્પૃહા રાખ્યા વગર ) જે સર્વજ્ઞ પ્રભુએ ફરમાવ્યા મુજબ દાન, શીલ અને તપ પ્રમુખ જે સત્કરણીય કરે છે તે ધર્મ કરણીજ જીવને દુર્ગતિમાં પડતો અટકાવી સદ્ગતિમાં જોડી શકે છે, ઉદારભાવથી કરેલો–સેવેલો દાનાદિ ધર્મ જીવને કલ્પવૃક્ષની પેરે ફળે છે. જ્યાં સુધી આ શરીર સ્વસ્થ–રોગરહિત નિરોગી છે, અર્થાત્ જ્યાંસુધી અનેક પ્રકારના વ્યાધીઓ પ્રગટ થયા નથી; જ્યાંસુધી જરા -વૃદ્ધઅવસ્થા આવી પહોંચી નથી–દૂર છે, જ્યાંસુધી પાંચે ઇન્દ્રિયોની શક્તિ અસ્ખલિત છે અર્થાત્ તે પોતાના કામ કરવા પાવર્ધી–બળવાન છે, અને જ્યાંસુધી આયુષ્ય પણ ખુટયું સમાપ્ત થયું નથી ત્યાંસુધીમાં બુદ્ધિવાન્ પુરૂષે આત્મકલ્યાણ કરીલેવા મહાન પ્રયત્ન સેવવો યુક્ત છે. કેમકે પોતાનું ઘર બળવા લાગ્યા પછી કુવો ખોદવા ઉદ્યમ કરવો તે શા કામનો ? તે તો જ્યાં સુધીમાં જરા આવી પીડા ઉપજાવે નહિ, વ્યાધિ પડે નહિ અને ઇંદ્રિયો ક્ષીણ થઇ જાય નહિ, ત્યાંસુધીમાંજ સાવચેત થઈને ધર્મ સાધન કરી લેવું યુક્ત છે. તેમ છતાં જો ઢીલ કરવામાં આવશે, તો જ્યારે કાળ ઓચિંતો આવી ગળું પકડશે ત્યારે મનના બધાય મનોરથ મનમાંજ રહી જશે. પરભવ જતાં સહાયભૂત સંબળ ( ભાતું ) ફક્ત ધર્મજ છે. એમ સમજી ધર્મસાધન કરી લેવામાં ઢીલ ગફલત કરવી જોઇએ નહીં.

# સદ્વિદ્યા.

( લેખક–સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પુરવિજયજી મહારાજ )

જીવ અજીવાદિ વસ્તુને વસ્તુગતે એટલે તે જેવા રૂપમાં હોય તેવા રૂપમાં જેથી સમજાય તે ખરી વિદ્યા જાણવી, અને અનિત્ય, અશુચિ અને અને અનાત્મીય ( પરજડ ) વસ્તુને નિત્ય શુચિ અને આપકી સમજવી તે અવિદ્યા જાણવી. વિદ્યા કળા કૌશલ્યથા આત્માની વિવિધ શક્તિઓ વિકસીત થાય છે અને તેથી અન્ય અજ્ઞજનો ગમે તેવા શારિરીક બળથી જે કામ કરી શક્તા નથી તે વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો રૂડા કળબળથી સહેજે કરી શકે છે. વિદ્યાનો પ્રભાવ બહુ અલૌકિક છે, એમ આપણે પ્રગટ જોઈએ છીએ. યતઃ વિદ્યા એ મનુષ્યોનું ખરેખર ઝળકી રહેલું આંતર તેજ છે અને ઘણુંજ ગુપ્ત ધન છે. વિદ્યા વળી ભોગ, યશ અને સુખકારી છે. વિદ્યા ગુરૂનો પણ ગુરૂ છે. વિદેશગમન પ્રસંગે વિદ્યા બંધુજન સમાન છે. વિદ્યા શ્રેષ્ટ દેવતા સમાન છે. વળી જેમ વિદ્યા રાજાઓમાં પૂજાય છે. તેમ ધન પૂજાતું નથી, માટે વિદ્યા રહિત મનુષ્યને પશુ તુલ્ય સમજવો. વિદ્યા એજ ખરેખરૂં ભૂષણ છે. બાજુબંધ કે ચંદ્રજેવા ઉજવળ મોતીના હાર, સ્નાન વિલેપન, પુષ્પ કે સુશોભિત કેશો પુરૂષને વિભૂષિત કરતા નથી. કેવળ એક ઉદાર વાણીજ પુરૂષને શોભાવે છે. બીજાં બધાં ભૂષણો સદાય ક્ષીણ થઇ જાય છે. પરંતુ ઉદાર વાણીરૂપ ભૂષણ કાયમ રહે છે. "વિદ્યારૂપ આંતર ધનને કોઇ ચોર ચોરી શકતો નથી, જે સદાય કંઈને કંઇ સુખની પોષણા કરે છે, અર્થીજનોને અપાતું છતાં સદા ઘણી વૃદ્ધિને પામે છે અને કદાપિ તેનો વિનાશ થવા પામતો નથી. એવું આંતર ધન જેમની પાસે છે, તેમની સાથે કોણ સ્પર્ધા કરી શકે ? જેને ચોર ચોરી શકે નહિ, રાજા દંડી શકે નહિ, અને ભાઇ ભાગ પડાવી શકે નહિ તેમજ જે ભાર પણ કરે નહિ અને અર્થીજનોને આપ્યે છતે ખૂટે નહિ, પણ ઉલટું વધતુંજ જાય એવું વિદ્યારૂપ ધન સર્વ પ્રકારનાં ધન કરતાં પ્રધાન ધન છે, અને તેથીજ ખરા સુખના અર્થીજનોએ આદરવા યોગ્ય છે.

ઇતિશમ્—

# વિતરાગ કથિત પવિત્ર ધર્મનું સેવન તું જલદી કરી લે.

( લેખક—સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

આ દુનીયામાં દેખાતી સુખસંપદા જળમાં ઉઠતા તરંગની જેવી અસ્થિર છે. તે જોતજોતામાં હતી ન હતી થઈ જાય છે; યૌવન પણ પતંગીયા રંગની પેરે જલ્દી જતું રહે છે. ટકી રહેતું નથી; અને આયુષ્ય શરદૃરૂતુનાં વાદળની જેમ ક્ષણમાં વિલાય જાય છે; તો પછી આ દેખાતી જડવસ્તુની માયામાં નકામા શામાટે મુંઝાય રહેવું ? એવી નકામી મોહ–માયાને, તજી જીનેશ્વર પ્રભુએ પ્રકાશેલા પવિત્ર ધર્મનું સેવન કરો. અહિંસા, સંયમ અને તપલક્ષણ ધર્મ જગતમાં પરમ ઉત્કૃષ્ટમંગળરૂપ વર્તે છે. તેવા પવિત્ર ધર્મમાં જેનું મન સદાય વર્તે છે તેને મહાન્ ઈન્દ્રાદિક દેવતાઓ પણ નમસ્કાર કરે છે. નિજગુણુની રક્ષા અને પુષ્ટિ થાય એવી નિપુણ દયા, વિષય કષાયાદિ કર્મ હેતુઓનો નિરોધ ( આત્મનિગ્રહ ), અને પુરાણા કર્મમળને ગાળી નાંખે એવો સમર્થ બાહ્ય અભ્યંતર તપ એજ સંક્ષેપથી પવિત્ર ધર્મનું ખાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષણુ છે. શુદ્ધ સ્ફાટિકરત્ન સમાન નિર્મળ-નિષ્કષાય આત્મસ્વભાવ પ્રગટ કરવા માટેજ ઉપર કહેલા પવિત્ર ધર્મ સેવન કરવાનું કહ્યું છે. પરંતુ મુગ્ધજનો કલ્પિત સુખમાં મુંઝાઇ પ્રમાદવશ થઇ ધર્મ સેવન કરતા નથી. બાવના ચંદનને બાળી તેની ભસ્મ શરીરે ચોળવા જેવું જીવોનું દ્રશ્ય સુખ છે. જુઓ કે-મનુષ્યોનું આયુષ્ય બહુ તો સો વર્ષનું પરિમિત: લેખાય તેમાંનું અર્ધ રાત્રીમાં પસાર થાય. વીતી જાય; બીજું અર્ધ બાલત્વ અને વૃદ્ધત્વમાં ચાલ્યું જાય. બાકીનું વિવિધ વ્યાધિ અને વિયોગાદિ દુ:ખવાળું, પર સેવાદિવડે પૂરૂં કરાય છે. એ રીતે જળતરંગ જેવા ચંચળ જીવિત વિષે પ્રાણીયોને ( ખરૂં ) સુખ ક્યાંથી હોય ? ફક્ત જે કોઇ સાવધાનપણે પવિત્ર ધર્મનું સેવન કરી લે છે, તેઓજ ખરા વાસ્તવિક સુખને મેળવી શકે છે, અને તેમ કરીનેજ સ્વમાનવ ભવાદિક દુર્લભ સામગ્રીને સફળ કરી શકે છે.

ઇતિશમ્—

# ઉત્તમ શીલ.

( વિઠ્ઠલદાસ મૂ. શાહ. )

“ शीलं परं भूषणम् ”

જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે જેટલા સાધનોની આવશ્યક્તા છે, તે સર્વમાં ઉત્તમ શીલનું સ્થાન અત્યંત ઉંચું છે. એટલુંજ નહિ, બલ્કે એમ કહેવામાં જરા પણ અત્યોક્તિ નથી કે વિજયપ્રાપ્તિ માટે બુદ્ધિમત્તા, તથા ધન-સંપત્તિ કરતાં ઉત્તમ શીલની અધિક આવશ્યક્તા છે. ઘણે ભાગે જોવામાં આવે છે કે સંપત્તિમાન તથા સુશિક્ષિત મનુષ્યો પણ ઉત્તમ શીલના અભાવે પોતાની ઉદ્દંડ વૃત્તિને લઇને અપમાનિત અને પાયમાલ બને છે, અને ધનહીન તથા અલ્પ શિક્ષિત મનુષ્ય શીલવાન હોવાથી સમાજમાં પૂજ્ય મનાય છે. જે મનુષ્યમાં ઉત્તમ શીલ હોય છે; તેને પોતાના વિષયમાં બીજા લોકો તરફથી સિફારસની આવશ્યક્તા હોતી નથી, કેમકે તેની સિફારશ કરનાર તેનું પોતાનું શીલ છે. વિદેશ-યાત્રામાં તેમજ અપરિચિત મનુષ્યોમાં મનુષ્યને સૌથી શ્રેષ્ટ સહાય કરનાર કેવળ તેનું શીલજ થઇ શકે છે. હમેશાં આપણા જોવામાં આવે છે કે કોઇ મનુષ્ય ગમે તેટલો તે ઉચ્ચ ઉદ્દેશયુક્ત હોય અને સમ્યક રીતે શિક્ષિત હોય તો પણ જ્યારે કોઇ સમાજમાં અસભ્યતાનું આચરણ કરવા લાગે છે, ત્યારે સર્વ લોકો તેવા મનુષ્યની સંગતિનો ત્યાગ કરવાનુંજ વધારે પસંદ કરે છે.

અમુક મનુષ્ય કેવો છે તે તેનાં વચનો અથવા કાર્યો ઉપરથી જાણી શકાતું નથી. તે જાણવા માટે એટલું જોવું જોઇએ કે તે મનુષ્ય કોઇ પણ કાર્ય કયી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. તે ઉપરથી તેનાં ચારિત્ર્યનું પૂર્ણરીતે ભાન થઇ શકે છે. કોઇ મનુષ્ય જ્યારે કાંઇ કહે છે અથવા કરે છે ત્યારે તેનાં વચનો અને કાર્યો ઉપરથી તેના આંતરિક અને સ્વાભાવિક ભાવનું આપોઆપ જ્ઞાન થાય છે. કોઇ મનુષ્યને દ્રવ્ય આપતી વેળાએ તેના તરફ જે સજ્જનતા બતાવવામાં આવેલી હોય છે તેનાથી તે જેટલો પ્રસન્નચિત્ત બને છે તેટલો તે અલ્પ ધન સંબંધી કૃપા બતાવવાથી નથી બનતો. જો કોઈ પણ માણસને કઠોર વચન કહીને કાંઇ દ્રવ્ય આપવામાં આવે છે તો તે કદિ પ્રસન્ન થતો નથી. આથી સ્પષ્ટ છે કે દ્રવ્ય આપવાની રીતથી તે જેટલો પ્રસન્ન અને કૃતજ્ઞ બને છે તેટલો તે દ્રવ્યથી બનતો નથી. એથી ઉલ્ટું એ પણ જોવામાં આવે છે કે જો કોઇ મનુષ્યની ઇચ્છા પૂર્ણ ન કરી શકાય એમ હોય અને આપણે તેને નમ્રતાપૂર્વક ના કહીએ તો તેને કદિ પણ ખોટું લાગતું નથી.

શીલવાન મનુષ્યોમાં એક વિશેષ ગુણ એ રહેલો છે કે તેઓ પોતે પ્રફુલ્લિત રહે છે અને પોતાના સાથીઓને પણ પ્રફુલ્લિત બનાવે છે. સામાન્ય વાત છે કે જો કોઇ બે મનુષ્યો કોઇ વાર્તા કહેવા બેસે અને બન્ને એકજ વાર્તા કહેતા હોય તો પણ સંભવિત છે કે તે બેમાં એકની શૈલી અધિક મનોરંજક અને ચિત્તાકર્ષક માલૂમ પડશે અને બીજાની શૈલી નીરસ તથા આલસ્યજનક લાગશે. એનું કારણ એ છે કે એક મનુષ્ય એવી શૈલીથી કહેશે કે સઘળા સાંભળનાર મુગ્ધ બની જશે, પરંતુ બીજામાં એ વાતનો અભાવ જોવામાં આવશે. તાત્પર્ય એ છે કે ઉત્તમ શીલ કોઇપણ મનુષ્યને નાની-મોટી સઘળી વાતોમાં શીઘ્રતાથી સમાજપ્રિય બનાવી મૂકે છે.

નમ્રતા અને સહિષ્ણુતા શીલના પ્રધાન અંગ છે. ખરેખરો શીલવાન અને સત્પુરૂષ એજ છે કે જે બીજાના ન્હાના ન્હાના અપરાધો તરફ ઉદારતાપૂર્વક ક્ષમાદૃષ્ટિથી જુએ. જે માણસ બીજાના તુચ્છ અને ક્ષમ્ય દોષો તરફ ક્ષુબ્ધ અને ક્રુદ્ધ બની જાય છે તેણે એવી આશા કદી પણ ન રાખવી જોઇએ કે બીજા લોકો તેની ક્ષમ્ય ઉદ્દણ્ડતા તથા ઉચ્છૃંખલ વૃત્તિ તરફ ક્ષમાદૃષ્ટિથી જોશે. મનુષ્યસમાજ એક મોટો ન્યાયાધીશ છે. તેનામાં એટલું સામર્થ્ય તો અવશ્ય રહેલું છે કે તે છેવટે કોઇ પણ મનુષ્યની યોગ્યતાનો સાચો નિર્ણય કરી લે છે. એટલા માટે પ્રત્યેક મનુષ્યને માટે ઉચિત છે કે તેણે એવું આચરણ કદિ પણ ન કરવું જોઇએ કે જેથી અન્ય લોકોને એમ કહેવાની તક મળે કે તે માણસ નીચ તથા સ્વાર્થવૃત્તિ પરાયણ છે. કેટલાક મનુષ્યો પોતાની વિદ્વત્તા યાને દ્રવ્યના ઘમંડથી અન્ય લોકો તરફ ઘૃણાયુક્ત દૃષ્ટિથી જુએ છે, પરંતુ તે તેઓની ભૂલ છે. આખરે તે માટે તેઓને પસ્તાવું પડે છે. બીજાની ગુપ્ત વાતો જાણવાનો યત્ન કરવો, જાણ્યા પછી તે વાતો પ્રકટ કરી દેવી, સંભાષણ કરતી વખતે પોતાનીજ પ્રશંસા કરવી, પોતાની બુદ્ધિમત્તા બતાવવા ખાતર બીજાની વાતોને નકામી ગણવી, કોઈનું કાંઇ પણ સાંભળવું નહિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણાં જોરથી હસવું, પૂજ્ય જનોનું અપમાન અને હાસ્ય કરવું, કોઇ નવા અતિથિ સાથે અસભ્યતાથી વર્તવું, બીજા તરફથી સન્માન પામીને કૃતજ્ઞતા પ્રકાશિત ન કરવી, બીજાને કરવામાં આવેલા પ્રશ્નનો જવાબ પોતેજ આપવો ઇત્યાદિ બાબતો એવીછે કે જે મનુષ્યના શીલમાં બાધાકારક થઈ પડે છે. જે મનુષ્ય પોતાનું હિત ચાહે છે, તેણે તેનાથી હમેશાં બચતા રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ઘણા મનુષ્યો સમાજમાં કેવળ એટલા માટે ઘૃણિત અને અપમાનિત બને છે કે તેઓને બીજાની ટીકા કરવાની ટેવ પડી ગઈ હોય છે. બીજા લોકોની અનુચિત હાંસી કર્યા વગર તેઓને અન્ન પચતું નથી. કોઇ કોઇ તો એવા મહાપુરૂષો હોય છે કે તેઓ પોતાના સારામાં સારા મિત્રની સાથે પણ શત્રુતા કરવા તૈયાર રહે છે, પરંતુ મશ્કરી કરવાની પોતાની ખરાબ ટેવ છોડી શકતા નથી. ખરૂં કહીએ તો જેવી રીતે કોઇ મનુષ્યને અનુચિત કાર્ય કરવાનો અધિકાર નથી, તેવી રીતે તેને કોઇની (અનુચિત હાંસી કરવાનો પણ અધિકાર નથી. તેનાથી કોઈ લાભ થતો નથી, ઉલ્ટું નુકશાન એ થાય છે કે જે મનુષ્ય સમસ્ત જીવન પર્યંત તમારો સહાયક બની શકે તેમ હોય છે તે તમારી મૂર્ખતાને લઇને સદાને માટે તમારો શત્રુ બની જાય છે. જો મિત્રતારૂપી લતાને નષ્ટ કરવા માટે, હાંસી કરતાં વિશેષ નાશકારક ઝેર બીજું કાંઈ પણ નથી. કોઇનું દિલ દુઃખાવવું એ હિંસા મનાય છે, પરંતુ સાચું તો એ છે કે તે આત્મહિતનું પણ ઘાતક છે. એટલા માટે આપણે એ બાબતોમાં હમેશાં સાવધાન રહેવું જોઇએ. કેટલાક મનુષ્યો કહ્યા કરે છે કે તે બાબતો તુચ્છ છે, તેનાથી શીલ અને સચ્ચરિત્રતા ઉપર કંઇ પણ અસર થતી નથી, પરંતુ સ્મરણમાં રાખવા જેવી વાત છે કે સારા વા નરસા ચરિત્રનો આધાર એ તુચ્છ બાબતોની ન્યુનતા વા અધિકતા ઉપરજ છે. જેવી રીતે પાઇ પાઇ બચાવીને ધનવાન બની શકાય છે, તેવી રીતે આપણે ન્હાની ન્હાની બાબતો પર ધ્યાન આપવાથી સજ્જન અને શીલવાન પણ બની શકીએ છીએ.

ઉત્તમ શીલ કોઇપણ વ્યકિત વિશેષને માટેજ આવશ્યક નથી, બલ્કે તે એક એવો અમૂલ્ય ગુણ છે કે જેના વગર મનુષ્ય કોઇ પણ વ્યવસાયમાં વા કોઈ પણ પ્રકારની જીવન–યાત્રામાં સુખી અને સફલ મનોરથ બની શકતો નથી. સંસારમાં એવા ઘણા કુરૂપ, ધનહીન અને વિદ્યાહીન મનુષ્યો થઇ ગયા છે કે જેઓ કેવળ શીલવાન અને સદાચારી હોવાને કારણે ઇતિહાસનાં પૃષ્ઠો અલંકૃત કરીને પોતાનું નામ અમર કરી ગયા છે. માનનીય સ્વ. ગોખલે માટે એમ કહેવાય છે કે તેઓ લોકોને પોતાની ઉત્તમ વક્તૃત્વશક્તિ અને વિદ્વત્તાથી જીતવાનું પસંદ કરતા હતા તે કરતાં વધારે તેઓ લોકોને પોતાના શીલથી પ્રસન્ન કરી પોતાની તરફ ખેંચી લેતા હતા. સુપ્રસિદ્ધ ન્યાયમૂર્તિ રાનડેમાં એટલી શક્તિ હતી કે તેઓ ગમે તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કઠિન હૃદયના ગુન્હેગાર પાસે તેનો ગુન્હો કબૂલ કરાવી લેતા હતા. ડી. એન-તાતા એવા કાર્યકુશળ હતા કે તેને જોતાં વારજ તેની કંપનીના નોકરોમાં કાર્ય કરવાની સ્ફુર્તિ આવી જતી હતી. સર જમશેદજી જો કે પહેલાં નિર્ધન વ્યવસાયી હતા તોપણ તે પોતાના મધુર ભાષણ અને અનુકરણીય શીલને લઈને અપાર સંપત્તિના સ્વામી બની ગયા હતા. એવાં એવાં અનેક ઉદાહરણો આપી શકાય તેમ છે. સર્વ દેશરત્નોનાં જીવન આપણને પોકાર કરીને શીલવાન બનવાનો જ ઉપદેશ આપી રહ્યાં છે.

કેટલાક લોકોમાં એવી ભ્રમાત્મક ધારણા પેઠી ગઈ હોય છે કે શીલવાન, નમ્ર તથા મિષ્ટભાષી પુરૂષનો બીજા લોકો ઉપર જરાપણ પ્રભાવ પડતો નથી, અર્થાત્ તેનો રૂઆબ બીજા ઉપર જામતો નથી. પરંતુ એ ધારણા બીલ્કુલ મિથ્યા છે. સાચી વાત તો એ છે કે એવા મનુષ્યોની જાતિ, સમાજ અને દેશ ઉપર એટલી બધી અસર થાય છે કે કોઇ પ્રભુતા પામેલા અધિકારીઓ મનુષ્યની પણ તેટલી હોતી નથી. કેમકે એવા મનુષ્યોનો રૂવાબ અને પ્રભાવ બીજા મનુષ્યના હૃદય-પટ ઉપર પ્રેમનાં સ્વાભાવિક બંધનવડે અંકિત થઇ જાય છે, પરંતુ જે મનુષ્ય પોતાનો પ્રભાવ બીજા લોકો ઉપર શક્તિનો ઉપયોગ કરીને જમાવે છે, તે પ્રભાવ શક્તિનો હ્રાસ થવાથી નષ્ટ થઈ જાય છે અને તેથી કરીને તે ચિરસ્થાયી થઇ શકતો નથી. નમ્ર, શીલવાન અને મિષ્ટભાષી હોવું તે માનસિક નિર્બલતા નથી, ઉલટું તે એક એવી અજબ માનસીક શક્તિ છે કે જેની સામે નીચતા, કઠોરતા અને દુર્જનતા આદિ પશુ વૃત્તિઓ લાચારીથી શીર ઝુકાવે છે.

પરંતુ બાહ્ય દેખાવના શીલમાં એટલી શક્તિ હોતી નથી. અસલ અને નકલમાં ભેદ રહે છે. તે સિવાય એક વાત એ પણ છે કે એવા પ્રકારનાં શીલનો ભેદ તરતજ ખુલ્લો પડી જાય છે. સભ્યતાના તત્ત્વપૂર્ણ ગ્રન્થોનું પરિશીલન કરવાથી ખરેખરા શીલવાન બની શકાતું નથી, કેમકે શીલવાન મનુષ્યોને સ્વાર્થ અને માનામાના વિચારને તિલાંજલી આપવી પડે છે. મનુષ્યનું સાચું શીલજ તેના ઐહિક તેમજ પારલૌકિક કલ્યાણનું મુખ્ય સાધન છે. સાચાં શીલની સહાયથીજ મનુષ્યને ધર્મ, યશ, સંપત્તિ, ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય આદિ સર્વ ગુણોની પ્રાપ્તિ થાય છે. આ વિષયમાં મહાભારતના શાંતિ પર્વમાં એક પ્રાચીન કથાનક છે. જેનો સાર નીચે મુજબ છે.

ઇન્દ્ર પોતે બ્રહ્મજ્ઞાની હતા. તેણે ઘણાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો હતો, પરંતુ જ્યારે તે એક વખતે પોતાનાં રાજ્યથી ભ્રષ્ટ થઇ ગયા અને પ્રહલાદે ત્રિલોકનું સ્વામીત્વ મેળવ્યું, ત્યારે તેણે પોતાના ગુરૂ બૃહસ્પતિને કહ્યું કે "મને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બતાવો કે મારૂં શ્રેય શામાં રહેલું છે ?" પછી ગુરૂજીએ ઇન્દ્રને આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને કહ્યું કે શ્રેય એમાં રહેલું છે. એ જવાબથી ઇન્દ્રનાં મનનું સમાધાન થયું નહિ. તેણે પુનઃપ્રશ્ન કર્યો કે "શું બીજું કાંઇ વિશેષ છે ?" ત્યારે ગુરૂજીએ તેને શુક્રાચાર્ય પાસે મોકલ્યો. ત્યાં પણ તેવીજ સ્થિતિ થઈ. શુક્રાચાર્યે કહ્યું કે "હું કાંઇ અધિક જાણતો નથી, તમે પ્રહલાદ પાસે જાઓ." છેવટે રાજ્યભ્રષ્ટ ઇન્દ્ર બ્રાહ્મણ વેષ ધારી બનીને પ્રહલાદના શિષ્ય બની તેની સેવા કરવા લાગ્યા. એક દિવસે પ્રહલાદે ઇન્દ્રને કહ્યું કે "શીલ" એજ ત્રૈલોકયનું રાજ્ય મેળવવાની ખરેખરી કુંચી છે અને તેજ શ્રેય છે. બસ, ઇન્દ્રનું કામ થઇ ગયું. પ્રહલાદ ઇન્દ્રની સેવાથી પ્રસન્ન થઈ ગયા હતા. તેણે કહ્યું "વરદાન માગો." બ્રાહ્મણ વેષ ધારી ઇન્દ્રે એ વરદાન માગ્યું કે "આપ મને આપનું શીલ આપો." પ્રહલાદે "તથાસ્તુ" કહ્યું કે તરતજ તેનાં શીલનાં સાથે ધર્મ, સત્યવૃત્ત, શ્રી, ઐશ્વર્ય આદિ સર્વ તેનાં શરીરમાંથી બહાર નીકળી ઇન્દ્રનાં શરીરમાં પ્રવિષ્ટ થઇ ગયા. પરિણામે ઇન્દ્રે પોતાનું રાજ્ય પ્રાપ્ત કર્યું. ઉપરોક્ત કથાનક ઉપરથી વાંચકોને શીલનું મહત્વ સારી રીતે સમજાશે અને શીલના વિષયમાં આપણાં પૂર્વજોના વિચારો કેવા હતા તેનો પણ યથાર્થ ખ્યાલ આવશે.

જો ઉત્તમ શીલથી આટલો બધો લાભ થઈ શકે છે, જો તે મનુષ્ય સંપત્તિ અને યશ વગર યત્ને પ્રાપ્ત કરી શકે છે, જો શીલદ્વારા તલવારથી પણ અધિક પ્રભાવ ઉત્પન્ન કરી શકાય છે, વધારે શું જો શીલવાન બનવાથી આપણી જીવન–યાત્રાના સર્વ વિઘ્ન કંટકો દૂર થઈ શકે છે તો પછી આપણે ઉત્તમ શીલવાન બનવાનો યત્ન શામાટે ન કરવો જોઇએ ? વાત તો એ છે કે "विद्याददाति विनयं" ની અનુસાર સઘળી શિક્ષાઓનો એ ઉદ્દેશ હોવો જોઇએ કે તેનાથી આપણે ઉત્તમ ચારિત્ર્યવાન અને સુશીલ નાગરિક બનીએ. વિદ્યાર્થીઓ દેશના ભાવિ સ્થંભરૂપ છે. તેઓએ વિચારવું જોઇએ કે સજ્જનતા વગર કોઇ મનુષ્ય પોતાના દેશનું હિત સાધી શકતો નથી. એટલા માટે સ્વદેશહિતચિંતકોને માટે વિદ્યમાન તેમજ કર્તવ્યવાન બનવા ઉપરાંત ઉત્તમ શીલવાન બનવાની ખરેખરી આવશ્યકતા છે. જુઓ આપણા રાજયોગી ભર્તૃહરીજી શું ઉપદેશ આપે છે ? :—

ऐश्वर्यस्य विभूषणं सुचनता, शौर्यस्य वाक्संयमो
ज्ञानस्योपशमः श्रुतस्य वित्तस्य पात्रे व्ययः ।
अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याचता
सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાંશ એ છે કે જીવન–સંગ્રામમાં સફલ મનોરથ થવા માટે શીલ એક એવો અમોઘ ઉપાય છે કે જે પ્રત્યેક મનુષ્યની સ્વાધીનતામાં છે. ખરેખરૂં કહીએ તો શીલવાન બનવું તે આપણા પોતાના ઉપરજ અવલંબિત છે. શીલવાન મનુષ્યે પોતાના બાહ્ય આચરણ તથા આંતરિક મનોભાવો ઉપર પણ પુરેપુરૂં ધ્યાન આપવું જોઇએ. જેવી રીતે પ્રસન્નતા, નમ્રતા, સહિષ્ણુતા, ઉદારતા આદિ ઉચ્ચ ભાવો આવશ્યક છે, તેવીજ રીતે 'કોઇની પણ અનુચિત હાંસી ન કરવી' એવી નાની.નાની વાતો પણ તેટલીજ આવશ્યક છે. શીલજ મનુષ્યનું ખરેખરૂં જીવન–ચરિત્ર છે. તેનો અભ્યાસ છાત્રાવસ્થાથીજ હોવો જોઇએ. મોટી ઉમ્મરમાં શીલ ધારણ કરવાનું કાર્ય કષ્ટસાધ્ય અને કોઇ વખત તો અસંભવિત થઇ જાય છે. —ચાલુ.

# જૈન દષ્ટિએ શિક્ષણનું સ્વરૂપ અને જૈન નવીન યુવકો.

ભારતવર્ષની સર્વ જૈન પ્રજા લાંબા સમયથી શિક્ષણના વિષયને ચર્ચતી આવી છે. જ્ઞાનના સ્વાધ્યાયને માટે જૈનધર્મના સિદ્ધાંતોમાં અનેક પ્રકારના નિયમો ઘડવામાં આવ્યા છે. અધ્યાપક, અધ્યેતા અને અધ્યયન–એ ત્રિપુટીના વિષયમાં જૈન મહાત્માઓ અતિ પરિશ્રમ લઇ જે વિવેચન કરેલું છે, તેવું વિવેચન ઇતર દર્શનોમાં તેના પ્રમાણમાં ઓછું છે, એમ પ્રત્યેક નિષ્પક્ષપાતી વિદ્વાનને કહેવું પડશે. જૈન તત્વજ્ઞાનનું વલણ વિરતિ–નિવૃત્તિપરાયણતામાં અને તે ખસુસ કરીને વિરતિ–નિવૃત્તિમાર્ગને પ્રતિબોધે છે, તથાપિ પ્રજાના ઉભયલોકના કલ્યાણને માટે જૈન સાક્ષરોએ અનેકાંતમતને અનુસરી પ્રવૃત્તિના કેટલાએક ઉચ્ચ તત્વોને પણ સ્વીકાર્યા છે. અને તેને નિવૃત્તિમાર્ગના પોષક અને સંસ્થાપક પ્રરૂપ્યા છે.

સાંપ્રતકાળે પાશ્ચાત્ય પ્રજા અને તેમના સાહિત્યના સંસર્ગથી હવે આપણાં જીવનનું દષ્ટિબિંદુ પણ ધીમે ધીમે પણ ચોક્કસરીતે બદલાતું જાય છે. આ વિષે કેટલાકને ઈષ્ટતા સમજાય છે અને કેટલાકને અનિષ્ટતા સમજાય છે, પરંતુ વાસ્તવિક રીતે તેમાં ઈષ્ટતા છે કે અનિષ્ટતા છે, એ વાત ઇતિહાસ એની મેળે સિદ્ધ કરી આપ્યા વગર રહેશે નહિં. તેથી એ બાબત ઉહાપોહમાં પડવાનું અત્રે પ્રયોજન નથી. અત્રે તો શિક્ષણના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાનો છે. નિવૃત્તિમાર્ગનું માહાત્મ્ય જેટલું વર્ણવીએ તેટલું થોડું છે, અને પરમ શ્રેય: સાધવાને માટે તેની અત્યંત ઉપયોગિતા છે, તથાપિ મનુષ્ય સ્વભાવનું બંધારણજ એવું છે કે જીવનના કોઇપણ કાળે પ્રવૃત્તિમાં પડ્યા વિના મનુષ્યને છુટકો થતો નથી; પરંતુ આપણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્વજ્ઞાન પોકારીને કહે છે કે, "પ્રવૃત્તિ એ મનુષ્યજીવનનો અંતિમ ઉદ્દેશ નથી. તેથીજ આપણા શાસ્ત્રકારોએ ગૃહિધર્મને પાળવાની વ્યવસ્થા કરી છે. શ્રાવક પ્રથમ વયમાં બ્રહ્મચર્ય પાળી જ્ઞાન સંપાદન કરે, ગૃહસ્થાવાસમાં ગૃહોચિત ધર્મ પાળી વ્યવહારમાં પ્રવૃત્તિ કરે, પછી વિવિધ વ્રત, તપથી ઇંદ્રિય દમન કરી વિરતિધર્મનો પૂર્ણ અધિકારી બની યતિધર્મ સાધવા ચારિત્ર લઇ વિશેષ જ્ઞાન મેળવે, આમ ક્રમે કરી પોતાનું અંતિમ કલ્યાણ સાધે."

સાંપ્રતકાળે કાળબળે કરી જગતના ઈતિહાસમાં ઉથલપાથલ થતી આવી છે અને થશે. આ નિયમને અનુસરી પાશ્ચાત્ય કેટલાક વિદ્વાનોની વૃત્તિ આપણા જૈન તત્વજ્ઞાન તરફ વળતી જાય છે, અને આપણી સૂત્રભાષા અને વિચાર પણ સર્વમાન્ય થવા જેવાં છે અને થતાં જાય છે એ પૂર્ણ સંતોષની વાત છે.

હવે આપણે આપણા ધર્મ, વ્યવહાર અને આચારના શિક્ષણના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાનો છે. આપણા દેશમાં આપણી આર્ય પ્રાચીન શિક્ષણપદ્ધતિને સ્થાને નવીન પદ્ધતિ દાખલ થયાને આજ ઘણાં વર્ષો થયાં છે, પણ તેનાં પરિણામ ઈચ્છવાયોગ્ય થયાં નથી, એમ આપણે જોઇ શકીએ છીએ. તેથીજ આપણી પ્રાચીન શિક્ષણપદ્ધતિ દાખલ કરવાની જરૂર છે. તેનું કારણ એ છે કે, આપણા ધર્મ, વ્યવહાર અને આચારના રૂઢ થઇ ગયેલા કેટલાએક વર્તનો આપણે સુધારી શકતા નથી. તે સાથે આપણે જે શિક્ષણ મેળવીએ છીએ, તેનો ઉપયોગ પ્રવર્ત્તનમાં મુકી શકતા નથી, આ ઉભય દોષને લઇને આપણી નવીન પ્રજાના શિક્ષણનો પ્રયાસ તદન નકામો થઈ પડે છે. કેટલાએક ઉત્સાહી અને ઉચ્ચ શિક્ષણના નવીન રંગથી રંગાએલા નવયુવકો પોતાના ધર્મ, વ્યવહાર અને આચારના જમાનાને અનુસરી સુધારણા કરવાને આગળ પડવા તૈયાર થાય છે, અને સ્વકોમની શુદ્ધ સેવા કરવાના મહાવ્રતી બને છે, તેઓનો એ ઉત્સાહ ભંગ કરવા માટે પુરાણ પદ્ધતિના આગ્રહી અનેક અપૂર્ણ અને અદૂરદર્શી પ્રૌઢ પુરૂષો મહાન્ પ્રયાસ કરવા મંડી જાય છે. આથી તેઓ પોતાના શિક્ષણના શુદ્ધ સ્વરૂપને જન સમાજમાં ઝળકાવી શકતા નથી. આ જૈન સમાજને મોટામાં મોટી હાનિ છે.

જે અપૂર્ણ અને અદૂરદર્શી પ્રૌઢ પુરૂષો છે, તેમના હૃદયમાં નવીન શિક્ષણના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ પાડવો, એ નવીન યુવકોનું પ્રથમ કર્ત્તવ્ય છે. જોકે તે પુરાણ પુરૂષોમાં કેટલાએકના હૃદયમાં દુરાગ્રહ રૂપ રોગ લાગી ગયેલો હોય છે અને તેથી તેઓના હૃદયમાં કોઈપણ રીતે નવીન પ્રાચીન શિક્ષણના સ્વરૂપનો પ્રકાશ પાડવો અશક્ય થઇ પડે છે, તેવાઓને બાદ કરી જેઓ સાધ્ય, કષ્ટસાધ્યના સ્વરૂપમાં રહેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાય તેમના હૃદયમાં તો પ્રાચીન અને જમાનાને બંધ બેસતું ધર્મ—શુદ્ધ આચાર વિચારને ઉદ્દભવતું શિક્ષણના શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ પાડવાની આવશ્યક્તા છે.

પ્રથમ તો શિક્ષણનું શુદ્ધ સ્વરૂપ શું છે, તે જાણુવાની દરેકને જરૂર છે. માણુસના જીવિતનો સાર ઉચ્ચ શિક્ષણ છે. તેનો મુખ્ય હેતુ બુદ્ધિને ખીલાવવાનો અને સુવિચાર કરતાં શીખવવાનો છે. તેનાથી હૃદયમાં અભિન્ન નીતિની એવી સુંદર છાપ પડે છે કે, જેને આધારે આ સંસારના ઉચ્ચ સુખને માર્ગે સર્વદા જઇ શકાય છે. તે સાથે હૃદયની મધુરતા, કોમળતા ઇત્યાદિને પ્રફુલ્લ કરનારા પ્રયોગો અનુભવમાં લાવે છે કે જેથી કરી સર્વ મનુષ્યને પોતાના બંધુ સમાન લેખી તેના ઉદયનો વિચાર અને પ્રયત્ન કરવામાં આવે છે. સાંપ્રતકાળના શિક્ષણમાં જો કે કેટલાએક દોષો જોવામાં આવે છે, પણ તેના શુદ્ધ સ્વરૂપમાં એ દોષો ટકી શક્તા નથી, એ નિ:સંશય છે; તેનું શું કારણ છે, એનો જો વિચાર કરવામાં આવે તો એટલું સમજાશે કે, તેમાં સનાતન સિદ્ધ મર્યાદા સમજાવવામાં આવતી નથી, એજ છે; તેનેજ વિદ્વાનો શિક્ષણનું શુદ્ધ સ્વરૂપ કહેતા નથી. તે દોષને લઇને કેટલાએક યુવકો અસ્ખલિતપણે ઉન્માર્ગે ચાલ્યા જાય છે. અને બીજી બાજુ તેનું અવલોકન કરી પુરાણા વિચારના કેટલા એક પ્રૌઢપુરૂષો શિક્ષણના બધા સ્વરૂપને દૂષિત ગણી કાઢે છે. આ પ્રસંગે કહેવું જોઇએ કે, શિક્ષણના સર્વસ્વ રૂપને દૂષિત ગણનારા તે પુરાણા પુરૂષો મોટી ભુલ કરે છે. જેથી તેઓ આખા જૈન સમાજના ઊત્કર્ષને અટકાવનારા થઇ પડે છે. તેઓ શુદ્ધ સ્વરૂપને સમજતાં નથી, અને નવીન કેળવાએલા યુવકોના તે કર્તવ્યનો પ્રભાવ જાણતા નથી, તેથી તેમની નવીન વર્ગ તરફ ઉપેક્ષા સર્વદા રહ્યા કરે છે. તેઓએ હવે સમજવું જોઇએ કે, શિક્ષણના શુદ્ધ સ્વરૂપને સંપાદન કરનારા નવીન યુવકોને શિક્ષણની જે સામગ્રી પૂરી પાડવામાં આવે છે, તે સામગ્રી સમાજના અનેક કલ્યાણોને સાધનારી થયા વગર રહેતી નથી. શિક્ષણનું શુદ્ધ સ્વરૂપ જ્યારે પૂર્ણ વિકાસ પામે છે, ત્યારે તે યુવકો ધર્મ, શ્રદ્ધા, જ્ઞાન અને વ્યવહારના માર્ગોની અંદર ઉત્તમ પ્રકારનો પ્રકાશ પાડી શકે છે અને તેઓ ન્યાયાધીશો, ધારાશાસ્ત્રીઓ, મોટા હોદ્દેદારો, શિક્ષકો અને ઉચ્ચ વ્યાપારીઓ બનવાને સમર્થ થઇ કોમની સર્વ પ્રકારની ઉન્નતિ સાધવાને સમર્થ થઇ શકે છે. શિક્ષણનું શુદ્ધ સ્વરૂપ હૃદયને કેળવે છે અને તેમાં તે શ્રદ્ધા, આજ્ઞાકારિત્વ, નિશ્ચય અને સદ્વાસના પેદા કરે છે, ચારિત્રના ઉચ્ચ ગુણો પ્રગટાવે છે, ગૃહવ્યાપાર અને પુરૂષાર્થોના અધિષ્ટાયક બનાવે છે, પદાર્થ વિજ્ઞાન આદિના શિક્ષણથી કેવળ જડના સંઘાત તથા સંયોગથી બનતા વિશ્વ અને વિશ્વવ્યાપાર ઉપર સારૂં અજવાળું પાડે છે. તેમજ આ સર્વ જડ પરમાણુના આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘાત–પ્રત્યાઘાતમાંથી વિચાર અને ભાવના ઉપજાવી પરંપરાયોગે સદ્વર્તનના ઉચ્ચ તત્વો ઘડાવે છે. એ આદિ બીજા અનેક બુદ્ધિવિલાસો તે શિક્ષણના શુદ્ધ સ્વરૂપમાંથી સ્વત: ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક સુવિચારક અને સાક્ષર કબુલ કરે છે કે સાંપ્રતકાળે ચાલતા શિક્ષણના તત્વોમાંથી જો નિર્દોષ અને શુદ્ધ તત્વ મેળવવામાં આવે તો ઉછરતી જૈન પ્રજાના મનને આ જીંદગીની વિકટ યાત્રામાં ધર્મ વ્યવહાર, નિશ્ચય, સાહસ અને વિશુદ્ધિથી પ્રયાણ કરવાને તૈયાર કરવાનું કામ જે ઘણું કઠિન અને સુક્ષ્મ છે, તે સારી રીતે સંપાદન કરી શકાય. નિશ્ચયથી કહી શકાય છે કે સમાજના કાર્યની મહત્તા તથા જવાબદારીનું ભાન જેટલું નવીન વિદ્વાન્ વર્ગને ઉપજે છે, તેટલુંજ ભાન અશિક્ષિત, અદીર્ઘદર્શી અને પુરાણ ભાવનાના ઉપાસક પ્રૌઢ પુરૂષોને ઉપજતું નથી. કારણ તેઓ આગ્રહને લઈને પરંપરાના ક્રમની દેશકાળાનુસાર સુધારણા કરવાને સમર્થ થઈ શકતા નથી તેથી સમાજ ઉન્નતિના શિખર ઉપર આવી શકતો નથી.

પાશ્ચિમાત્ય પ્રજાની ઉન્નતિ સાધવા માટે જ્યારે વિચાર કરવામાં આવતા હતા ત્યારે ત્યાંના સુવિચાર વિદ્વાનોએ એક ઉન્નતિસાધક મંડળ સ્થાપ્યું હતું અને તેની અંદર એક સમર્થ વિદ્વાને ઉચ્ચ સ્વરે આ પ્રમાણે કહ્યું હતું, “ આપણા દેશનો ઉદય કરવો હોય તો ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ઉભી કરો તેવી સંસ્થાઓમાંથી ઉત્સાહી, નિપુર્ણ અને પોતે સ્વીકારેલા કાર્ય સાથે તન્મયતા પામેલા યુવકોને ઉપજાવો. એવાં નરરત્નો નીપજાવી શાસ્ત્રના વિષયમાં અને કલાના વિષયમાં દીર્ઘકાળ પર્યંત જેની અસર રહ્યા કરે તેવી નવી પદ્ધતિ યોજનાર તેમનો બુદ્ધિ વૈભવ સમાજની ઉન્નતિનો સાધક થયા વગર રહેતો નથી.”

આ વિદ્વાનના કથન પ્રમાણે આપણા જૈનોએ શિક્ષણના શુદ્ધ તત્વનો પ્રસાર કરવા તન મન અને ધનથી પ્રયત્ન કરવો જોઇએ. એ તત્વના પ્રકાશથી પ્રકાશિત થયેલા નવીન જૈન યુવકોને પ્રોત્સાહિત કરવાને માટે જૈન પ્રજાના પુરાણા તથા નવીન અગ્રેસરોએ આગ્રહનો ત્યાગ કરી આગળ પડવું જોઈએ. એથી પરિણામે આપણો સમાજ વિદ્યા કલા અને વિચાર આદિની વૃદ્ધિ થતાં સાંપ્રતકાલે ચાલતી ગેરસમજ અને મતભેદની વાતોની સ્પષ્ટતા થવાથી શાંતિ અને સંપમાં વધારો કરી કોઇપણ સમૂહની કાર્યસાધક શક્તિમાં અધિક બળ આવ્યા વગર રહેશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શું ખરૂં સુખ શાન્તિમાં છે?

પવિત્ર અને સત્યમય જીંદગી વ્યતિત કરનારને ઉદ્વેગ, ચિંતા, મનની આકુળ વ્યાકુળસ્થિતિ થતી નથી, અને તેથીજ સત્યને વળગી રહેનાર સંતોષી રહી શકે છે તેથીજ સંયમી અથવા આત્મ સંતોષીને શાંતિ રહે છે. એ શાંતિ સિવાય ગમે તેટલી શકિત નબળાઇના રૂપમાં બદલાઇ જાય છે. સહેજ વાતમાં મનની શાંતિ ખોઇ નાખનાર અથવા નજીવી ફીકરના કારણે ગભરાઇ જનારની ગમે તેટલી શકિત હોય પણ તે શું કામની? કારણ અટપટા પ્રસંગે સમતોલ મગજ તે રાખી શકતો નથી.

ધૈર્યવાન પુરૂષ પોતાના આવેશો લાગણીઓને કાબુમાં રાખે છે અને તેથી તે શાંતિ મેળવી શકે છે, અને જેમ જેમ એ શાંતિ જયારે કાયમના સદ્દગુણ રૂપે પ્રણમે છે તેમ તેમ તેમની અસર સત્તા, મોટાઇ, આનંદ વધવા સાથે જીંદગી સ્વર્ગરૂપ બને છે; તેથી ઉલટું જે મનુષ્ય પોતાના આવેશોને વશ રાખી શકતો નથી તેને જીંદગીના ખરા સુખનો અનુભવ પણ થઇ શકતો નથી તો પછી શાંતિને તો સ્થાનજ કયાંથી મળી શકે?

શાન્તિવાળી જીંદગી એક અલૌકિક સુખ છે; ગમે તે વખતે ગમે તેવી અઘરી ગમે તેવા સંજોગોમાં શાંત જીંદગીવાળો મનુષ્ય પોતાની ફરજ બજાવવામા આવે છે તો ગભરાયા વગર નિશ્ચય પૂર્વક એક સરખી બજાવે છે અને તેમાં તે ફતેહ પામે છે. જૈન ઇતિહાસમાં તેવા મહાન પુરૂષોના અનેક દૃષ્ટાંતો છે કે જેમણે તેવી કસોટીએ ચડી ધર્મનું રક્ષણ કરવા સાથે પોતે મોક્ષ સાધી ગયેલ છે અને બીજા જીવોને મોક્ષમાં જવાના તેવા માર્ગો બતાવી ગયેલ છે.

પોતાના મનને બરાબર કાબુમાં રાખવાની ટેવ પાડયા વગર તેવી શાંતિ મેળવવી મુશ્કેલ છે, તેને માટે ભગીરથ પ્રયત્ન બરાબર કરવામાં આવે, નિત્ય અભ્યાસ તરીકે ટેવ પાડે તોજ સંયમી અને પરિણામે તેવી શાંતિ મનુષ્ય પ્રાપ્ત કરી શકે.

ખરેખરી મુશ્કેલીના પ્રસંગોએ જે મનુષ્ય પોતાની શાંતિને તોડતો નથી તેજ મનુષ્ય ફતેહ મેળવી શકે છે. શાંતિ પ્રાપ્ત થયેલા મનુષ્યની સત્તા અખુટ છે. તેની પાસે આવતા સામા માણસોનો ક્રોધ શાંતિ રૂપમાં ફેરવાઇ જાય છે. શસ્ત્રધારી પુરૂષનું શસ્ત્ર નકામું થઇ જાય છે અને તેણે સ્વાર્થનો ત્યાગ કરેલો હોવાથી દુઃખ ચિંતા, બીક, બાયલાપણું સર્વથા નાશ પામે.છે. તે કોઇપણ કાર્યના પરિણામ માટે ફિકરમંદ થતો નથી અને ગમે તેવા પરિણામમાં તે સમભાવી થાય છે અને એકસરખા ભાવથી કબુલ રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે કાર્યોમાં ઉતાવળીયો ગભરાયેલો માણુસ નિષ્ફળ થાય છે તે બધામાં શાંતિ પ્રીય મનુષ્ય ફાવે છે. શાંતિનો પ્રભાવ એવો છે કે ઇન્દ્રિયો બધી કબજે રહે છે જેથી બુદ્ધિ શુદ્ધ રહે છે અને તેથી તે જગતનું ભલું તે પોતાનુંજ ભલું માનવાથી જગત કેમ સુખી થાય તેવુંજ તેનું વર્તન થાય છે. પોતાના સત્કૃત્યથી કદાચ સારૂં ફળ મળતાં નિરાશા મળે તો તેમાં પણ આશા રાખી પ્રયત્ન મેળવે છે.

મનુષ્યને દુઃખ પણ ત્યાંજ સુધી છે, કે જ્યાં સુધી કાયમની શાંત પ્રકૃતિ પોતાના વર્તનમાં ઓતપ્રોત કરી શકતો નથી.

મનુષ્ય જ્યારે એમ સમજે કે દુઃખ, દીલગીરી ચિંતા એ પોતેજ પૂર્વ કર્મના ઉદયથી પેદા કરેલા છે, પોતાની અપૂર્ણ સ્થિતિને લીધે છે, અને તેને દૂર કરવાનો ઉપાય પોતાનાજ હાથમાં છે ત્યારેજ તે શાંતિ મેળવવા ઉદ્યમ કરી શકશે.

સદ્ગુણોમાં સત્ય અને શાંતિ, જીંદગીને જેટલા સુખમય બનાવે છે તેવા બીજા સદ્ગુણો સુખરૂપ બનાવવા ઓછા સહાયભૂત છે, એમ કદાચ ત્યાં સુધીજ કહી શકીયે કે, જ્યાં સુધી તે બે સદ્ગુણો બરાબર ખીલવી શકીયે નહિ; પરંતુ એટલું ચોકસ છે કે આ બે સદ્ગુણો પ્રાપ્ત કર્યા સિવાય બીજા સદ્ગુણો મેળવી શકાતા નથી તેથીજ આપ્ત પુરૂષોએ ખરૂ સુખ શાંતિમાંજ છે એમ નિશ્ચય પૂર્વક કહેલ છે.

# ચુંટી કાઢેલાં સાર હિત વચનો.

૧ ઉત્તમ ( અવિકારી–પવિત્ર ) મન શરીરને પણ ઉત્તમ બનાવે છે.

૨ વીરતા–સાવધાનતા–નીડરતા એ એકજાતની હિત–ઔષધી છે.

૩ ક્રોધ–રોષ કરવાથી મ્હોડામાંના થુંકમાં રહેલા રસાયણિક તત્ત્વોમાં ફેરફાર થઇને તેનું વિષ–ઝેર બની જાય છે. ખરે પ્રસંગે મનની શાન્તિ જાળવી રાખવામાં કેટલોબધો ફાયદો છે ? એ ઉપલી હકીકતથી સ્પષ્ટ થાય છે. જેનું મન સ્થિર–પ્રશાન્ત રહે છે તે ચિન્તા ને દુઃખ ઉપર વિજય મેળવે છે.

૪ બ્હીક અશક્ત માણુસને પણ મારી નાંખે છે, જ્યારે હિંમત એ શક્તિ આપનાર ઔષધી છે. આ વાત ઘણાઓને અનુભવ સિદ્ધ હોવા સંભવ છે.

૫ આત્મ માન–પ્રતિષ્ઠા હાનિને માટે આખો ચહેરો શોકનાં ચિન્હ ધારણ કરે છે. દુષ્ટ વિચાર મુખારવિંદને પણ કદરૂપું બનાવી દે છે.

૬ હૃદયને આકસ્મિક પ્રહાર થવાથી આરોગ્ય અને સ્વાસ્થ્યનો નાશ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ આપણે આરોગ્ય અને સ્વાસ્થ્યનું ઉચ્ચ લક્ષ્ય નિત્ય આપણાં મનઃચક્ષુઓ સમક્ષ રાખવું જોઇએ.

૮ ઉન્નત પવિત્ર અને બળવાન મન, શરીરને પણ તેવુંજ બનાવે છે.

૯ પવિત્ર વિચાર વાણી અને આચારના પરિશીલનથી આપણે વધુમાં વધુ પવિત્ર બની શકીએ.

૧૦ ઉદારતાને સર્વ વસ્તુ ઉપર શ્રદ્ધા હોય છે. સાંકડા મનવાળો કયાંય વિશ્વાસ સ્થાપી શકતો નથી.

૧૧ માણસોના હેતુ માટે ઉતાવળથી અભિપ્રાય બાંધતા નહીં વખતે આપણે ભૂલ કરી બેસીએ.

૧૨ ઉદારતાને સ્વાર્થની સ્પૃહા હોતી નથી. આપણે જે પણ આપીએ છીએ તેના કરતાં અધિક સારૂં પ્રાપ્ત કરીએ છીએ. ઉદાર માણસ સહાય કર્યા વગર રહી શકતો નથી.

૧૩ જે અંતઃકરણનો કર્તા છે તેજ માત્ર કોઇપણ અંતઃકરણની સાચી તપાસ કરી શકે એમ છે.

૧૪ કોઇને હાથે કોઇ મહત્કાર્ય સિદ્ધ થાય છે ત્યારે આપણે માત્ર તેનું કેટલેક અંશે માપજ કરી શકીએ છીએ. પરંતુ તે સિદ્ધ કરવામાં-થતામાં પડેલો શ્રમ અને નડેલા વિઘ્નોનું ખરૂં માપ આપણે જાણી શકતા નથી. માત્ર સહૃદય તલસ્પર્શી જનોજ ઠીક નિરીક્ષણ કરી શકે છે.

૧૫ આળસુ મગજ એ સેતાનનું કારખાનું છે. બીજા માણસોને સેતાન લલચાવે છે ત્યારે આળસુ માણસ સેતાનને લલચાવે છે તેને અનેક ખોટા સંકલ્પ વિકલ્પો ઉદ્ભવ્યા કરે છે.

૧૬ બેદરકારી બહુ ભયંકર છે. જાગતા-સાવધાનપણે સ્વકર્તવ્ય કરનારને કશો ભય નથી.

૧૭ જે પુસ્તકો આપણને સૌથી વિશેષ પ્રોત્સાહન આપે છે અને કાંઇક મહાન કાર્ય કરવાને તથા કાંઇક મહત્તા મેળવવાને આપણને સૌથી વિશેષ નિશ્ચયવાન બનાવે છે તેજ ઉત્તમોત્તમ ગ્રંથ છે. આપણે માત્ર તેજ પુસ્તકો વાંચવા જોઇએ કે જે આપણને ઉન્નત વિચાર આપે અને આપણી શક્તિઓનો તથા આપણી તકોનો સૌથી વિશેષ લાભ લેવાને આપણને પ્રેરે-ઉત્તમ ગ્રંથો આપણામાં ઉત્તમ ઉન્નત વિચારો દ્વારા ઉદારતાદિક અનેક ઉત્તમ ગુણો પ્રગટાવેછે અને ખીલવેછે.

ઇતિશમ્.

લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાષ્ટ્રિયશાળાના અભ્યાસક્રમની રૂપરેખા.

( લી૦ મનસુખલાલ કિરતચંદ મહેતા—મોરબી. )

( ૨ )

( ગતાંક પૃષ્ટાંક ૧૦૪ થી શરૂ )

પહેલો અંક પ્રકાશમાં આવ્યા પછી તે ઘણા સજ્જનોની સંમતી અને પ્રશંસા પામેલ છે, ગાંધીજીને પણ એ ક્રમ, એ યોજના ગમ્યા છે. હવે આપણે ધોરણ–વર્ગવાર એ ક્રમ નક્કી કરવાનો છે. તે નક્કી કરવા પહેલાં કેટલુંક અવાંતર કરી નાંખીયે.

૧ શરૂઆતમાં જણાવ્યું છે કે, આ ક્રમને અનુસરવામાં આવે તો વિદ્યાર્થીઓનાં અમૂલ્ય સાત આઠ વરસ બચી શકે એમ છે. એનું મુખ્ય કારણ દરેક વિષય માતૃભાષામાં શિખવો એ છે. ઇંગ્રેજી એ આપણને પરભાષા છે; એટલે પ્રથમ તે ભાષા ઉપર કાબુ મેળવતાં કેટલાંક વરસ જાય છે. પછી તેમાં વિચાર કરતાં, તે દ્વારા વિચાર વ્યક્ત કરતાં, અને તે ભાષામાંના સાહિત્ય, વિજ્ઞાન, વૈદક, આદિનાં પુસ્તકોનો અભ્યાસ કરવા પુરતો ઇંગ્રેજી ભાષા ઉપર કાબુ મેળવતાં ઘણો સમય જાય છે, છતાં તે કાબુ જેની માતૃભાષા ઇંગ્રેજી છે એવા અંગ્રેજ જેટલો તો હરગિજ ન આવે. ત્યારે માતૃભાષામાં તે વિષયો શિખતાં, તેમાં વિચાર કરતાં, તે દ્વારા વિચાર વ્યક્ત કરતાં ઘણો ઓછો શ્રમ અને સમય સેવવા પડે છે. આ તદ્દન સાદી સમજની અને હમેશના અનુભવની વાત છે. એટલે અલ્મૂય સાત આઠ વરસ બચે એ સ્વાભાવિક છે. ઉપરાંત વીર્ય–ઉત્સાહની હાનિ, મગજ ઉપરનો નિષ્કારણ બોજો અટકે. આના પ્રત્યક્ષ પુરાવારૂપે આપણે હાલની ( arts ) આર્ટસ, વૈજ્ઞાનિક કે બીજી કૉલેજોના અંગ્રેજ પ્રોફેસરોના દાખલા રજુ કરી શકીએ. અંગ્રેજ પ્રોફેસરો સ્વદેશમાં, સ્વભાષામાં નિષ્ણાત થઇ સોળ–સતર વરસની ઉમરે ગ્રેજ્યુએટ થાય. કે તરતજ પોતાના દેશમાં થોડો વખત કામ કરી આ દેશની શાળા–મહાશાળામાં અઢાર–વીશ વરસની વયે હજાર કે ઓછા વધારે રૂપીઆના માસિક દરપાયાથી પ્રોફેસર તરિકે યોજાઇ આવે. તેના વિદ્યાર્થીયો પ્રાય: તેની ઉમરના હોય છે. આમ ઇંગ્રેજ પ્રોફેસરોને નાનપણથી બધું પોતાની ભાષામાં શિખવાનું રહ્યું; એટલે એમને ઘણા શ્રમ–સમય બચે. અને અહીં આવી પોતાની સમાન વયના હિંદી વિદ્યાર્થીયોને શિખવે. ત્યારે હિંદી વિદ્યાર્થીયોને એ બધું પરભાષાદ્વારા શિખવાનું હોવાથી વિશેષ શ્રમ–સમયનો વ્યય થાય એ દેખિતું છે. આ દૂર થવા માતૃભાષાદ્વારા બધું જરૂરનું જ્ઞાન આપવાની યોજના છે. એથી અમૂલ્ય સાત–આઠ વરસ બચે એ સ્વષ્ટ છે. ઇંગ્રેજ પ્રોફેસરો પરભાષા ( માતૃભાષા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિવાયની ) બીજી ભાષા નથી શિખતા એમ કંઇ નથી, તેમ હિંદીયોયે પણ ન શિખવી એમ પણ કાંઈ નથી; પણ પરભાષાનું શિક્ષણ એ મરજીઆત જોઇએ ફરજીઆત નહીં, અને મરજીઆત અને ફરજીઆતમાં ફેર એટલો ફેર. હિંદીઓ શું કરે પરભાષાનું ફરજીઆત શિક્ષણ તેમને લેવું પડે છે; કેમકે અભ્યાસપાઠ, વિષય શિખવાનાં તે પરભાષામાં છે. માતૃભાષામાં નથી અથવા ઓછા છે.

૨ ચૌદ વરસની વય સુધીનો આ ક્રમ છે. પછી ત્રણ વરસ કોઈ સાહિત્ય, વિજ્ઞાન, તત્વજ્ઞાન, વૈદક, શિલ્પ, ઈજનેરી, વ્યાપાર આદિની લાઇન વિદ્યાર્થી લે અને તે વિષયો પણ તેને માતૃભાષામાં શિખવાના. હવે માતૃભાષામાં તે તે વિષયોનાં પાઠ્ય પુસ્તકો પ્રાય: નથી અથવાં ઓછાં છે; તો તે માટે શું કરવું એ સવાલ રહે છે. તે સવાલનો નિવેડા તરત આવી શકે છે. હાલ આપણે આપણી માતૃભાષા ગુજરાતીની વાત કરીએ. ગુજરાતી માતૃભાષાવાળા ઘણા સારા ગ્રેજ્યુએટો, દાક્તરો, વકીલો, ઈજનેરો, વાણિજ્યના ગ્રેજ્યુએટો, (B. Com. ) વૈજ્ઞાનિકો ( B. s. ) વગેરે છે. તેઓએ હાલ આત્મભોગ આપી પોતપોતાનાં વિષયને લગતાં ઇંગ્રેજી પુસ્તકોનાં દોહન, અનુવાદ, તથા સ્વતંત્ર ગ્રંથ ગુજરાતીમાં પ્રગટ કરવાં જરૂરનાં છે. જેમ સ્વ૦ ડા. ત્રિભુવનદાસ મોતીચંદે શારીર અને વૈદકશાસ્ત્રનો નમુનેદાર ગ્રંથ ઇંગ્રેજી આદિ વૈદક ઉપરથી દોહનરૂપે લખ્યો તેમ કર્ત્તવ્ય છે. આમાં દેશસેવા, માતૃભાષા સેવા, અને અર્થલાભ પણ છે. કદાચ્ અર્થ લાભ ન મળે તો પણ પરમાર્થ હેતુએ અને દેશની અત્યારની જરૂરીઆત વિચારી, પ્રમાદ છાંડી તે તે વિષયના પદવીધરોએ પોતાનો સમય માતૃભાષામાં તે તે વિષયનાં ગ્રંથો અનુવાદ, દોહન કે સ્વતંત્ર રીતે યોજવાની પરમ આવશ્યકતા છે. સ્વ૦ પ્રોફે૦ આપ્તેએ શ્રમ વેઠી જેમ સંસ્કૃત કોષ રચ્યો, ડો ભંડારકરે સંસ્કૃત માર્ગોપદેશિકાઓ યોજી, સ્વ૦ વૈદ્ય જટાશંકર લીલાધરે ઘરવૈદું લખ્યો, ઇત્યાદિ અનેક કૃતિઓ થઇ તેમ હવે પદ્ધતીસર, નિયમસર તે તે વિષયના જ્ઞાતાઓએ તે તે વિષયો માતૃભાષામાં અવતારવા અત્યંત જરૂરના છે. તેઓનું જીવન સાર્થક્ય અને દેશ એ બંને એની અપેક્ષા રાખે છે, એ બંને એ ઉપર પણ અવલંબી :રહેલ છે. તેમાં જેટલો પ્રમાદ તેટલી તેમના પર બેવડી ત્રેવડી જોખમદારી છે. જોખમદારી સમજતાં આવડવી જોઇએ; અને જોખમદારી સમજશે તે એક ક્ષણનો પ્રમાદ નહિં કરતાં ગાંધીજીની પેઠે અવિશ્રાંત નિષ્કામ શ્રમ સેવશે. તથાસ્તુ.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી, ગુજરાતી સાહિત્ય સભા, સસ્તા સાહિત્ય સંસ્થા, આદિ સંસ્થાઓએ હવે આ દિશાએ કામ કરવું–કરાવવું જરૂરનું છે. સમય આવી લાગ્યો છે. તેને ઓળખી તે પ્રમાણે હવે કરવાનું છે. ' અવસર ચુક્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેહુલા ' જેવું હવે થવા દેવા જેવું નથી. પ્રમાદે ઘણા અવસર ચુકી ગયા, ચુકાવ્યા. હવે આળશ દૂર કરી, જાગૃત થઇ કટિબદ્ધ થવાનું છે. જાહેર સંસ્થાઓ, જાહેર છાપાંઓએ પણ આ વાત હાથ ધરી તેને પોતાના ધ્યેયમાંની એક ધ્યેય ગણી રાખવાની છે.

આટલું અવાંતર જણાવ્યા પછી હવે આપણે ધોરણ ક્રમ પર આવીયે. ઇતિશમ.

# પ્રભુ પ્રાર્થના.

(ત્રોટક)

હરતાં ફરતાં પ્રભુ પાર્શ્વતણી, પ્રતિમા નીરખું અતિ પ્રેમ ધરી,
લહું શોધી સુગંધીત ફુલકળી, પ્રભુ પાર્શ્વ વધાવું ઉમંગ ભરી;
નીજ દોષ થયા મનને વચને, અને કાયતણા કર માફી મને,
સમરૂં દીનરાત સદા તમને, હૃદયે વસીયા છો નીરાગીપણે.
વામા માતતણી કુખે જન્મ ધરી, ગુરૂબોધ લીઓ ઉર હોંશ ઘણી,
લહી ચારીત્રને શીખ્યા શાસ્ત્રતણી, સમર્યા વીતરાગ જે દેવમણી;
છે શક્તિ અકળ પ્રભુ આપતણી, નથી દાસ ગણી લીધી ભાળ જરી,
દયા રાખો પ્રભુ દીન પામરની, નમે હરગોવીંદ લળીજ લળી.

હરગોવનદાસ નાગરદાસ માજની.
રાધનપુર.

# નિતિ વચનો.

૧ સદ્બુદ્ધિ અને શ્રદ્ધાશીલ સજ્જનો જે વાત યુક્તિયુક્ત સુસંગત હોય હોય છે તેને સરલતાથી સ્વીકારી લે છે. પણ જડ-બઠર-કદાગ્રહી જનો તો કેવળ ખેંચતાણથી ખરી વાતને પણ ખંડિત કરવા મથે છે. હજારો ગાયોમાંથી વાછરડી પોતાની માતાનેજ શોધી કાઢીને અનુસરે છે, પરંતુ મર્કટ તો જ્યાં ત્યાં વડચંકાજ ભરી કુદાકુદ કરી મૂકે છે. મતલબ કે શુદ્ધ સરલ ભાવ જ્યાં ત્યાં હિતરૂપ થાય છે ત્યારે શઠ ભાવ જ્યાં ત્યાં નિંદા પાત્ર બને છે.

૨ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરી સાવધાનપણે ચાલવા રૂપ આર્હતી નીતિનો ખ્યાલ બહુ શ્રુતોના લક્ષ બહાર કેમજ રહે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ' આમજ કરવું અને આમ નજ કરવું એટલે વિધિ નિષેધનો ઉપદેશ એકાન્તે શ્રી ભગવંત કરતા નથી પરંતુ પ્રસંગ અનુસરતું સરલ–અશઠ ભાવેજ કરવા વર્તવા તો તેઓ શ્રી ખાસ આગ્રહ કરે છે. ખોટી ખેંચતાણુ કરી નાહક વીર્યના ક્ષય સાથે આત્મ વંચના–આત્મ દ્રોહથી દૂર રહેવા તેમનો ઉપદેશ હોય છે.

૪ વસ્તુને વસ્તુગતે સમજ્યા કે સમજવા પૂરો પ્રયત્ન કર્યા વગર કેવળ અંધ શ્રદ્ધાથી ' હાજી હા ' કહેવાથી મિથ્યાત્વ દૂર થઇ જતું કે આવી જતું નથી. મિથ્યાત્વ એટલે તત્વ વિપર્યાસ અને સમકિત એટલે યથાર્થ તત્ત્વ શ્રદ્ધાન એથી વધારે શું ?

૫ મધ્યસ્થ ભાવે મુકાબલો કરતાં ખરી તાત્વિક વસ્તુ સમજાઇ જતાં–તેમાં આસ્થા–વિશ્વાસ ચોટે છે અને ખોટી–ગઠુરિક વાત તરફ આદર થઇ શકતો નથી. બુદ્ધિ પામ્યાનું એ મનોહર ફળ છે એથીજ જ્ઞાનબળ અને ચારિત્રબળ ખીલી શકે છે. ઇતિશમ્.

# જૈનો અને સ્વદેશી વસ્ત્રો.

અત્યારે આખા હિન્દમાં ચોતરફ સ્વદેશી ( વસ્ત્રાદિક )જ વાપરવાની હીલચાલ ભારે જોશથી ચાલી રહી છે, તેમાં આપણા કેટલાએક સમયને ઓળખી કામ કરવા ઇચ્છનારા નવજુવાનો અને થોડા એક બાળવર્ગ શિવાય બીજો મોટો ભાગ ( ભાઇઓ અને બ્હેનો ) આ સમયોચિત હિલચાલથી અલગો રહી જાય એ ખેદજનક બીના છે. સ્વદેશી અને તેમાં પણ શુદ્ધ સ્વદેશીના સંબંધમાં ઘણાએક દેશદાઝવાળા દીલસોજ અનુભવી સાક્ષરોના વિચારો અનેક પ્રસંગે અનેક રીતે જાણવા સાંભળવામાં આવતાં અને તેના ઉપર સ્વતંત્ર ઉહાપોહ કરતાં તેની ઉપયોગિતા જેમ મને પોતાને જણાઇ ચુકી છે-તેમ અનેક સહૃદય ભાઇ બ્હેનોને જણાયેલી હોવી જોઇએ. તેમ છતાં આપણે એટલા બધા ઢીલા પોચા બની ગયાં છીએ. સ્વદેશી યા શુદ્ધ સ્વદેશીને આદરવાં જેવી સાવ સાચીને ઉપયોગી બાબતો પણ અનેક બાના કાઢી તત્કાળ આદરી શકતા નથી, એથી જણાય છે કે આપણી ( સમાજ ) ઉપર એની જોઇએ એવી ઉંડી અસર થયેલી નથી. તે જલ્દી થાય અને એની ખરી ઉપયોગીતા બરાબર સમજાય તે સાથે દ્રઢ શ્રદ્ધા ભરી હિંમતથી તત્કાળ તેનો સ્વીકાર કરી લેવાય એમ આપણે સહુ આતુરતાથી ઇચ્છીશું.

કોઇ એક લેખક મહાશયે બતાવેલા અંદાજ પ્રમાણે આખા હિન્દ માટે અહિ હિન્દમાં તેમજ હિન્દ બહાર મીલોના જે કાપડ તૈયાર થાય છે, તેમાં વપરાતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરબી નિમિત્તે લગભગ એક કરોડ જાનવારો કપાય છે. આટલા બધા જાનવરોની હિંસા નિપજતા મીલના વસ્ત્રો ( સ્વદેશી કે પરદેશી ) માત્ર શુદ્ધ અહિંસક ભાવ વાળા કોઈ પણ ( સાધુ કે ગૃહસ્થ ) સજનને વાપરવાંજ ન ઘટે. આ વાત જ્યાં સુધી પ્રકાશમાં નહોતી આવી ત્યાં સુધી તેવા મલીન તત્ત્વવાળાં વસ્ત્રાદિક આપણે વાપર્યા પણ હવે જો વસ્તુ સ્થિતિ બરાબર સમજ્યાજ હોઈએ તો અહિંસા યા અન્ય અનપરાધી જીવોની રક્ષાની ખાતર પણ આપણે હવે પછી તેવાં સદોષ વસ્ત્રો ધારણ કરવાં નજ ઘટે. એ ઉપરાંત આર્થિક દ્રષ્ટિથી જોતાં પણ આપણે સહુએ કેવળ સ્વદેશી ( બને ત્યાં સુધી તો શુદ્ધ સ્વદેશી ) વસ્ત્રાદિકનોજ ઉપયોગ કરવો જોઈએ. હિન્દમાં આયાત થતા વિદેશી વસ્ત્રનીજ ખાતર લગભગ ૬૦ કે ૮૦ કરોડ જેટલું દ્રવ્ય પ્રતિવર્ષ વિદેશમાં ઘસડાઇ જાય છે. અને એવી અનેક મોહક વિદેશી ચીજોની વપરાશ કરતા રહેવાથી ઉપર મુજબ ક્રોડો ઘણું દ્રવ્ય પ્રતિવર્ષ પરદેશમાં પાણીના પ્રવાહે ચાલ્યું જતું હોવાથી હિન્દનું આર્થીક બળ ઘટી ગયું છે અને હજુ સુધી વિદેશી ફેન્સીમાં ફસાઇ રહેવાથી વધારે પાયમાલ થતું જાય છે. આવી આર્થીક પાયમાલીમાંથી બચી જવાની હિન્દનાં હવા પાણી અન્ન અને પ્રકાશનો લાભ મેળવનાર દરેકની અદની ફરજ છે, સ્વકર્તવ્ય કર્મનું જેને ઠીક ભાન થયું હોય તેને એથી વધારે કહેવાની કે સમજાવવાની ભાગ્યેજ જરૂર હોઇ શકે. કેમકે એવા સુજ્ઞજનો તો જાતે ખરો માર્ગ તત્કાળ આદરી અન્ય સ્વજન કુટુંબી જનોને પણ સન્માર્ગમાં સ્થાપન કરવા બનતું કર્યાજ કરે છે. ઇતિશમ્

લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# આત્મજાગૃતિ.

( સિંહાનો કનરો–હું તો અહીં નહીં આવું હવેથી–એ રાગ. )

અપ્પા કાળ અનાદિથી આવ્યો, મોહ કષાયને સાથે લાવ્યો. અપ્પા૦ ટેક
રાગ દ્વેષ રિપુ કુમતિના સાથી, સૌ મળી બ્હાવરો તુજને બનાવ્યો. અપ્પા૦ ૧
નિજ સ્વરૂપ સમ નંદન વનને, ક્રોધની અગ્નિએ દાહ લગાવ્યો, અપ્પા૦
માન મતંગજથી પડ્યો હેઠો, ચરણે ચંપાયો ને સુકૃત ખપાવ્યો. અપ્પા૦ ૨
ગુણવેલી મૂળમાં વિષ રેડી, માયાની જાળે બંધાયો ન ફાવ્યો, અપ્પા૦
લોભની લાલચમાં લપટાયો, કૃષ્ણ ફણિધરે ડંખ લગાવ્યો. અપ્પા૦ ૩
ધન્ય ધરા સુત દારાના મોહથી, મોહન આશાની ફાંસી ફસાયો, અપ્પા૦
રાગ દ્વેષ સહચારી અનાદિય, ભવ નાટક માંહ્ય નાચ નચાવ્યો. અપ્પા૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભોળવી કુમતિ કુપંથે દોરી, ભવ મહારણ માંહ્ય ભૂલો ભમાવ્યો, અપ્પા૦
દુર્જનની દોસ્તી કરી અપ્પા, જન્મ મરણ અતિ કષ્ટ તું પાવ્યો. અપ્પા૦ ૫
તજી દુર્જન હવે થા સત્સંગી, નિજ સ્વરૂપ રમીલે ભવ લ્હાવો, અપ્પા૦
ક્ષમા નમ્રતા શુદ્ધ સરળતા, તોષથી લોભનો દોષ હઠાવો. અપ્પા૦ ૬
રાગ દ્વેષ તજી રહો સમ ભાવે, કુમતિ તજી સતી સુમતિ મનાવો, અપ્પા૦
મોહથી ભવરણ જંગ મચાવી, જયકરી જીત નિશાન ચઢાવો. અપ્પા૦ ૭
ભોગવી સુખ સંસારે સાચું, સ્વર્ગ અને અપ વર્ગ સિધાવો, અપ્પા૦
સંત સમાગમથી સાંકળચંદ, નિશ્ચે મુક્તિનો હોય વધાવો. અપ્પા૦ ૮

# (ઉપમિતિ અંતર્ગત.)

## વિદ્વાન્ માર્ગ:—વિદ્વાનો-તત્ત્વવેદી જનોનો ( ખરો ) માર્ગ.

આત્મ કલ્યાણ કરવા દૃઢ આગ્રહ ( નિશ્ચય ) કરેલો હોવાથી વિદ્વાન્ ( તત્ત્વજ્ઞાની ) ના મનમાં નકામો વિકલ્પ આવવા પામતો નથી તેમ છતાં કદાચિત્ શૂન્ય ઉપયોગવાળી અવસ્થામાં કોઇ તેવો વિકલ્પ આવી જાય તો પણ તે નકામું ભાખી વળતા નથી અને કદાચિત્ મુગ્ધ-અજ્ઞાન જનોમાં રહેલા હોવાથી કંઇક તેવું ભાખે તો પણ તેઓ નકામી ચેષ્ટા તો કરતાજ નથી. છતાં જો તેઓ કોઇ તેવી નકામી ચેષ્ટા પણ કરે તો મુગ્ધ જનોની સમાનતા વડે તેમની તત્ત્વજ્ઞતા લોપાઇ જાય છે. તેથી તત્ત્વજ્ઞોની પંક્તિમાં ખપવા-દાખલ થવા ઇચ્છતા સહુ કોઇએ સર્વદા સ્વવિકલ્પ વાણી અને વર્તનની સાર્થકતા ( સફળતા ) ચીવટ રાખી ચિન્તવ્યા કરવી તેમજ તે તેના અનુભવી વિદ્વાનોની પાસે નિવેદન કરવી કે જેથી તેઓ નકામા સ્વવિકલ્પ ભાષણ અને વર્તનમાં સાર્થકતા બુદ્ધિ કરનારને અનુકંપાવડે નિવારે. ઇતિશમ્.

લે૦ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.

# વર્તમાન સમાચાર

શહેર ભાવનગરમાં આ સભાના પ્રમુખ મૂળચંદ નથુભાઈ વકીલના ભત્રિજા ભાઇ નાનાલાલ હરીચંદ નથુભાઇએ અત્રેના શ્રી ગોડીજીપાર્શ્વનાથ જિનાલયના ગર્ભગૃહમાં પાંચ પ્રતિમાજીની આમાશની શુદ ૬ સોમવારના રોજ પ્રતિષ્ઠા અઠ્ઠાઇમહોત્સવ અને શાંતિસ્નાત્ર સાથે કરી છે, તે દિવસે સ્વામિવાત્સલ્ય પણ કર્યું હતું. એવી રીતે મળેલી લક્ષ્મીનું પ્રભુભક્તિ કરી સાર્થક કર્યું છે. તેમના આ કાર્ય સાથે જમાનાને અનુકુળ શ્રાવક ઉન્નતિ માટે-( કેળવણી ક્ષેત્રમાં ) પણ તેવો સદ્વ્યય થવાની આવશ્યકતા હતી, હજુ પણ તેઓ કરશે એવી નમ્ર સુચના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પાટણ શહેરમાં દિક્ષામહોત્સવ.

ગયા માગશર શુદ ૧૧ ના રોજ ગામ બાલાપુરવાળા બેન માણેકબાઇએ લઘુ વયમાં શ્રીમાન મુળચંદજી મહારાજશ્રીના પરિવારમાં સાધ્વીજી મહારાજ કંકુશ્રી-જીના પરિવારમાં મહિમાશ્રીના શિષ્યા થયા છે જેમનું નામ સાધ્વીશ્રી લલીતશ્રીજી આપ્યું છે. તેઓની લઘુવય છતાં જ્ઞાન અને વૈરાગ્ય ઉચ્ચ કોટીના છે. તેઓશ્રીને પુજ્યશ્રી હંસવિજયજી મહારાજ તથા પન્યાસજી મહારાજ શ્રી સંપતવિજયજી મહારાજે દિક્ષા આપી છે. દિક્ષા વખતે બોર્ડીંગ પાસે મોટો મેળાવડો થયો હતો. ઉપધાનની ક્રિયા પણ નિર્વિઘ્ને સમાપ્ત થઈ હતી, વરઘોડા વીગેરેનો ઠાઠ સારો થયો હતો. તે શુભ પ્રસંગની ઉપજ ૧૦–૧૫ ગામના જીર્ણોદ્ધાર કામમાં મોકલવાનું ઠર્યું છે.

## પુસ્તક પહોંચ.

### નીચેના ગ્રંથો ભેટ મળેલા છે; જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ જૈન વાર્ષિક પર્વો અને નિત્ય સ્મરણ સ્તોત્ર સંગ્રહ. ગંગા૦ સ્વ. મહાલક્ષ્મીબ્હેન—અમદાવાદ.

૨ ઐતિહાસિક રાસ સંગ્રહ ભાગ ૩ જો.
૩ ,, ભાગ ૪ થો
} શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ઓફીસ—ભાવનગર.

૪ દ્રવ્ય પ્રદીપ
૫ સંવેદ્ય છત્રીસી
૬ પ્રકરણ સુખ સિંધુ ભાગ ૨ જો.
} શ્રીયુત વીઠલભાઇ જીવાભાઇ પટેલ—અમદાવાદ.

૭ ઉપદેશ ચિંતામણી ભાષાંતર, શેઠ સોમચંદ ધારશી—મુંબઇ.

૮ શારીરિક કેળવણી, વકીલ નંદલાલ લલુભાઇ—વડોદરા.

૯ શ્રી યશોભદ્ર ચરિત્ર, શ્રી આત્મતિલક ગ્રંથ સોસાઇટી—અમદાવાદ.

૧૦ પંચલિંગિ પ્રકરણ, શેઠ ઝવેરચંદ પન્નાજી—બુહારી.

૧૧ શ્રી રાધનપુર જૈન યુવકોદય મંડળનો રીપોર્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાઇ ત્રિભુવનદાસ મંગળજીનો સ્વર્ગવાસ.

વઢવાણુ શહેર નિવાસી બંધુ ત્રિભુવનદાસ મંગળજી પાંચ માસની લાંબી બીમારી ભોગવી સુડતાળીશ વર્ષની વયે ગયા ભાદરવા વદી ૧૧ ના રોજ હૃદય બંધ પડવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે સરલ, મીલનસાર, શાંત અને પ્રેમાળ હતા. ધર્મ ઉપર શ્રદ્ધાવાન હતા, વીમાકંપનીની લાઇનમાં જોડાયેલ હતા, અને તે કાર્યમાં એટલી બધી કુશળતા મેળવી હતી અને ધંધામાં પ્રમાણિકપણું બતાવી ગ્રાહૈમ કંપનીમાં તેઓ માનીતા અને મુખ્ય પુરૂષ થઇ પડ્યા હતા, જેથી આર્થિક બાબતમાં પણુ કંપની તરફથી એક ખાતાના અધિકારી તરીકે સારો ચાન્સ મેળવવા પામ્યા હતા. કે કોઇ તેવા દેશી ગૃહસ્થ જવલેજ વધી શકયા હશે. પોતાની આર્થિક સ્થિતિ સારી થતાં ટુંક વખતમાં ધાર્મિક કાર્યમાં વ્યય કરવા ઇચ્છા થતાં આયુષ્ય ટુંક થતાં ધારેલી ધારણા તેમના મનમાંજ રહી ગઇ છે, ભવિતવ્યતા આગળ મનુષ્યનું ચાલતું નથી. તેઓ આ સભાના સભાસદ હતા. સભા ઉપર પ્રેમ ધરાવતા હતા, તેમના પંચત્વ પામવાથી અમો દીલગીર થયા છીયે, સભાને તેમની ખોટ પડી છે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

### મુનિરાજશ્રી ઉદ્યોતવિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ઉક્ત મુનિરાજશ્રી ટુંક સમયની બીમારી ભોગવી શ્રી સિદ્ધક્ષેત્રમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી શ્રીમાન્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજના પ્રશિષ્ય પંન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજના શિષ્ય હતા. તેઓશ્રી સ્વભાવે શાંત, સરલ અને ચારિત્રપાત્ર મુનિ હતા. તેઓના સ્વર્ગવાસથી અમો દીલગીર થયા છીયે, તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીયે છીયે.

## સુધારો.

આ માસિકના ગયા અંક સાથે આ સભા તરફથી છપાયેલ ગ્રંથોનું નવુ સૂચિપત્ર છપાવી ગ્રાહકોને મોકલવામાં આવેલ છે જેમાં " ચૈત્યવંદન મહાભાષ્ય જે કે મૂળ માગધી ગાથા સાથે સંસ્કૃત છાંયા અને અકારાદિ અનુક્રમણિકા આપેલ છે " તેની કિંમત રૂા. ૧–૦–૦ ભૂલથી છપાયેલ છે તેને બદલે રૂા. ૧–૧૨–૦ પોણાબે રૂપીયા સમજવી.

૨ " સિદ્ધ પ્રાભૃત " ગ્રંથની રૂા. ૦–૧૦–૦ કિંમત છાપેલ છે તે માત્ર ગૃહસ્થો માટે છાપેલી સમજવી. સાધુ સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડાર માટે અડધી કિંમત રૂા. ૦–૫–૦ પાંચ આના સમજવી.

૩ **શ્રી જૈન તત્વસાર**—મૂળ ભાષાંતર સાથે પાકું બાઇડીંગ ૭ આનાને બદલે રૂ. ૧) એક રૂપૈયો કિંમત સમજવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

१ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
२ જૈન મેઘદૂત સટીક
३ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
४ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
५ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
६ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમના ધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી.
७ ષટ્સ્થાનક સટીક.
८ વિજ્ઞપ્તિ સંગ્રહ.
९ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
१० શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
११ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
१२ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
१३ જૈન ગ્રંથ પ્રસસ્તિ સંગ્રહ.
१४ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
१५ ધાતુ પારાયણ.
१६ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
१७ શ્રી મંડલપ્રકરણ શાહ ઉજમશી માણેકચંદ ભાવનગરવાળા તરફથી.
१८ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોધાવાળા, હાલ મુંબઇ.
१९ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા–નવસારી.
२० શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
२१ દાનપ્રદીપ ,,
२२ સંબોધ સિત્તરી ,,
२३ ધર્મરત્ન ,,
२४ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
२५ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)
નંબર २०–२१–२३–२४–२५ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.
२६ પ્રશ્નોત્તર પદ્ધતિ.
२७ પાતાંજલ યોગદર્શન.
२८ શ્રી નેમિનાથ ચરિત્ર ભાષાંતર.

---

જલદી મંગાવો. માત્ર થોડીજ નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## "શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ."

**( જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે.**

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભકિતનું સ્વરૂપ. १ પૂજા ભક્તિનો પ્રભાવ, २ આજ્ઞા ભક્તિ, ३ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ, ४ મહોત્સવ ભક્તિ, ५ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દૃષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવાનું આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભકિત કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઇંગ્લીસ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેંહ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. १–०–० પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઇએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિતા અને સાહિત્ય.

" કવિએ પોતાની અપૂર્ણ છિન્ન ભિન્ન ભાવનાઓથી પ્રેરાઇ કવિતાઓ લખવાની નથી, પણ પ્રજા સંઘની મહાન હિલચાલોમાંથી પ્રેરણા લઇ એણે કાવ્યો બનાવવાં જોઇએ. પ્રજા-સંઘના અસ્પષ્ટ વિચારો અને ભાવનાઓને સ્પષ્ટ મૂર્તિમાન કરી આપવાનું કામ કવિનું છે. છુપું, ધુંધવાતું, અચેતન જીવન કવિએ ખુલ્લું, ભડભડતું અને ચેતનવાળું કરી આપવું જોઇએ. કવિ જ્યાંસુધી જનસમાજનાં હૃદયમાં ઉભરાઇ રહેલી લાગણીઓ સમજશે નહિ અને એજ લાગણીઓ જાતે અનુભવી પ્રજાસમસ્તને શુદ્ધ અને ઉન્નત કરી નવો જોશ નહિં આપે ત્યાંસુધી આજ કાલમાં મહાકાવ્ય બને એવી આશા નથી. સામાજીક અને રાજકીય હીલ-ચાલોમાં આધુનિક પ્રજા પોતાનું કાર્ય કરી રહી છે એવા જમાનામાં અંગત કવિતાને સ્થાન જ ન મળી શકે. કવિઓનાં ખાનગી સુખ દુઃખ સાંભળવાનો પ્રજાને હાલમાં અવકાશ નથી. સમષ્ટિનો ઉદય થાય એવાં, લોકસમસ્ત એકત્ર થઇ પોતાની કમનશીબ સ્થિતિ સુધારે અને રાજકીય તથા સામાજીક વિષયોમાં પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા સમર્થ થાય એવાં કાવ્યો લખાવવાં જોઇએ. સાચી અને પવિત્ર કળા તો એજ કે લોકસમાજને સંપૂર્ણ દશાએ પહોંચવાનું લક્ષ રાખે. નવા જમાનાઓ જુના કાળમાં જે જે કાંઇ બની ગયું તેને તે પાછું કર્યા કરે એને માટે ઉત્પન્ન કરવામાં નથી આવ્યા. પાછલા કાળની ઘણી વાતો હવે અર્થ વગરની થઇ ગઇ છે. નીતિનાં ધોરણ પણ બદલાઇ ગયાં છે. તેમ છતાં કળા જુનાં ખંડેરોમાંથી ભલે ઉત્પન્ન થાય. પરંતુ ઉગતા સૂર્યનાં તેજથી એ રંગાઇ જવી જોઇએ. વર્તમાન કાળની પ્રજા ભૂતકાળના ઇતિહાસનો અભ્યાસ ભવિષ્યનું જીવન ખીલવવા માટે કરે. × × × સાહિત્યે પ્રજાજીવનને ઉત્પન્ન કરવું હોય તો દેશની રગેરગમાં વ્યાપી જવું જોઇએ. મજુરોનાં ઘર સુધી અને ગામડીયાનાં ઝુંપડામાં એને પહોંચી જવું જોઇએ. કવિએ આમવર્ગને નવા નવા વિચારો આપવા; એમનાં કર્તવ્યોનું ભાન કરાવવું અને આમવર્ગ પણ સિદ્ધાંતો પ્રમાણે વર્તન કરે એમ કરી આપવું. કર્મયોગ એ નવા કવિનો મુખ્ય ધર્મ છે. નિરાશાવાદ એને શોભે જ નહિ. નિવૃત્તિ માર્ગ પણ કવિને માટે નથી. ભક્ત કવિ " પ્રભુ, પ્રભુ " એમ કર્યા કરે એ બસ નથી; પણ એણે પ્રભુના પવિત્ર નિયમો અનુભવવા જોઇએ. વાચક વર્ગ પણ એની કવિતા વાંચીને પ્રભુની આજ્ઞાઓને શાંતિપૂર્વક અનુસરતો થઇ જાય એવું એમાં હૈવત હોવું જોઇએ. કવિતા અને સાહિત્યમાં બાયલાપણું કે નિરૂત્સાહ ના જોઇએ. એકજાતનું શૌર્ય જોઇએ. સંગીત ગવાઇ રહ્યા બાદ સાંભળનારના આત્મામાં જેમ નવું સંગીત રચાય છે તેમ કવિતા વંચાઇ રહ્યા પછી પણ કવિતાઓની પરંપરા રચાવવી જોઇએ. વાંચનારનામાં એવો અંતઃક્ષોભ થવો જોઇએ કે એક કાવ્ય વાંચ્યા પછી એ છુપાં ગીતો રચ્યાંજ કરે. ભવિષ્યના કવિઓ આપણે આશા રાખીશું કે યુવકોને સ્વાર્થ ત્યાગમાં કેવી મહત્તા રહેલી છે તેનો બોધ આપશે; ધૈર્ય, સુખ દુઃખમાં સમભાવ અને ગુપ્ત સંકલ્પનું બળ શીખવશે. "

જોસફ મૅઝિનિ.

For Private And Personal Use Only